# પ્રકરણ ૫

# ચરિત્ર અને નિબંધક્ષેત્રે પ્રદાન

## પ્રસ્તાવના

ધીરુભાઈ ઠાકરનું ચરિત્ર અને નિબંધ સાહિત્ય સ્વરૂપમાં પણ નોંધપાત્ર પ્રદાન રહ્યું છે. વિવિધ સમયાંતરે તેમની પાસેથી પ્રથમ ‘મણિલાલ નભુભાઈ: જીવનરંગ’(૧૯૫૭),બીજું ‘પરંપરા અને પ્રગતિ’(૧૯૮૦),ત્રીજું ‘મણિલાલ નભુભાઈ દ્વિવેદી’ (૧૯૮૦)અને ચોથું ‘સ્મરણમાધુરી’(૨૦૦૮) એમ ચાર જેટલા જીવનચરિત્રો પ્રાપ્ત થાય છે. પ્રથમ જીવનચરિત્રમાં પંડિતયુગના નોંધપાત્ર સર્જક મણિલાલ દ્વિવેદીના વ્યક્તિત્વના વિવિધ પાસાંને ઉજાગર કરી આપવાનો પ્રયાસ કર્યો છે. બીજા ચરિત્રમાં ઔધોગિક કાર્યમાં, સમાજ સુધારણામાં, આઝાદીની લડતમાં અને જૈન ધર્મની સુધારણામાં સિંહ ફાળો આપનાર કસ્તૂરભાઈ લાલભાઈનાં જીવનકથાને ચરિતાર્થ કરી આપી છે. ત્રીજામાં ગુજરાતી ગ્રંથશ્રેણી અંતર્ગત મણિલાલ દ્વિવેદી વિષયક અભ્યાસપુસ્તિકા તેમણે આપી છે. અને ચોથામાં પોતાના જીવનનાં આઠ દાયકાના અનુભવોના સમૃદ્ધ સ્મરણોને વગોળી આપ્યા છે. આ ચારેય જીવનચરિત્રોમાં ચરિત્રકારની વિષય પસંદગી, વિષય નિરૂપણ, શૈલી, રજૂઆત કેવી રહી છે તેનો આપણે વિગતે અભ્યાસ કરીએ.

## મણિલાલ નભુભાઈ: જીવનરંગ

મુંબઈ સરકાર દ્વારા ઈ.સ.૧૯૫૮માં પુરસ્કૃત ‘મણિલાલ નભુભાઈ: જીવનરંગ’ને ચરિત્રકારની ઉત્તમ ભેટરૂપે આ ગ્રંથને મુંબઈ રાજ્ય તરફથી ઈ.સ ૧૯૫૮ના શ્રેષ્ઠ ચરિત્રગ્રંથ તરીકે રૂ.૨000નું પરિતોષિક પ્રાપ્ત થયું હતું. ફક્ત ચાળીસ વર્ષના ટૂંકા આયુષ્યમાં મણિલાલે ગુજરાતી સાહિત્યની અમૂલ્ય સેવા બજાવી હતી. તેમની અક્ષરપ્રવૃત્તિની જેમ જ ધર્મ, રાજ્ય, શિક્ષણ, સમાજ, ગૃહ અને સાહિત્ય એમ જીવનના સર્વ પાસાંને આવરી લેતી સાહિત્ય અને સંસ્કૃતિ બંને ક્ષેત્રોમાં આગવું પ્રદાન રહ્યું હતું. આવા પંડિતયુગના તેજસ્વી અને

વિદ્વાન સર્જકનું જીવનચરિત્ર આલેખન પાછળનો ઉદ્દેશ્ય જણાવતા નિવેદનમાં જ ચરિત્રકાર ધીરુભાઈ ઠાકર જણાવે છે કે, *"મણિલાલનું જાહેર તેમજ આંતરિક જીવન અનેક પ્રકારના સઘર્ષોથી ભરપૂર હતું. તેને કારણે તેમના જીવનની કથા જેટલી રસદાયક બની છે તેટલી જ ચરિત્રલેખકને મૂંઝવણમાં મૂકી દે તેવી પણ નીવડી છે. તેમના વૃત્તિવલણો અને આચરણને તે તે વખતની તેમની મનઃ સ્થિતિના અનુલક્ષમાં જોઈને, સૂઝયું તેવું તેનું નિદાન કરવાનો જે તે સ્થાને પ્રયત્ન કર્યો છે. પહેલું તો એ કે, લગભગ અર્ધી સદીથી, મણિલાલના જીવન વિશે છૂટક અને અધૂરી માહિતી પ્રગટ થયેલી છે, તેના પરથી તેમ ઘણુંખરું કિંવદંન્તીથી, મણિલાલને વિશે ઘણી ગેરસમજ પ્રવર્તે છે. મણિલાલનું પ્રમાણભૂત અને સુસંકલિત ચરિત્ર રજૂ થાય તો આ સ્થિતિનો અંત આવે."* [1] આ પ્રકારનો ચરિત્રલેખકનો અભિપ્રાય પછીના પૃષ્ઠોમાં સાર્થક થાય છે કે નહીં તેને આપણે વિગતે તપાસીએ.

ચરિત્રકાર ધીરુભાઈ ઠાકરે મણિલાલના ચરિત્રને આલેખતા પ્રથમ પ્રકરણમાં ગુજરાતની સામાજિક, ધાર્મિક, રાજકીય પરિસ્થિતિનો ચિતાર રજૂ કરી આપ્યો છે. યુનિવર્સિટીની સ્થાપના, અંગ્રેજી કેળવણીનો પ્રભાવ, પ્રાર્થનાસમાજ અને બ્રહ્મોસમાજ જેવી સંસ્થાઓની સ્થાપના અને તેની પ્રવૃત્તિઓનું અવલોકન કરી ધર્મ તત્ત્વચિંતનની વિકાસ-શૃંખલામાં મણિલાલની કડી તેના પુરોગામી સાથે કેવી સ્વાભાવિક ક્રમમાં જોડાઈ જાય છે તેની સ્પષ્ટતા આરંભમાં કરી આપી છે.

મણિલાલનો જન્મ અને કુટુંબ, અભ્યાસ, ઉછેર, મિત્રમંડળ, વિદ્યાઅભ્યાસ, લગ્ન, મંદવાડ, જીવનધ્યેય કલુષિત કુટુંબજીવન જેવી વિગતોને એકપછી એક પ્રકરણમાં ચરિત્રકારે વિગતે ગૂંથી આપી છે. જેમાં ચરિત્રકારની ખંત અને મહેનત સ્પષ્ટ વર્તાય આવે છે. તેર-ચૌદ વર્ષની ઉંમર સુધી મણિલાલનો ઉછેર મોસાળમાં જ થયો હતો. તેઓ બહુ લાડ-કોડમાં ઉછર્યા હતા. ત્યારથી ચરિત્રકારે શરૂ કરીને મણિલાલને ચાર વર્ષની ઉંમરે દયાશંકરની પંડ્યાની ગામઠી શાળામાં મૂકવામાં આવ્યા, ત્યાં લખતા-વાંચતા થયા જેવી વિગતોને આલેખી પ્રાથમિકથી માંડીને હાઈસ્કૂલ સુધી કેવા વિકસતા રહ્યા તેનો સમગ્ર ચિતાર રજૂ કરી આપ્યો છે. તેમના અભ્યાસકાળમાં સંસ્કૃત, ગણિત અને ભૂમિતિ જેવા વિષયો કેવા કંટાળાજનક નીવડ્યા હતા

તેનો નિદર્શ કરી આપ્યો છે. પિતાજી તરફથી વારંવાર અભ્યાસ બંધ કરવાનો આગ્રહ, અમુક શિક્ષકોના આગ્રહથી મેટ્રિક્યુલેશનથી માંડીને કૉલેજમાં પ્રવેશ મેળવ્યો વગેરે બાબતોને ચરિત્રકારે ઉપસાવી આપી છે. સાથે મણિલાલના ઘડતરમાં ઝવેરલાલ લલ્લુભાઈ, છબિલાલ દોલતરામ, રવિશંકર શાસ્ત્રી જેવા શિક્ષકોના પ્રદાનની નોંધ લેવાની પણ તેઓ ચૂક્યા નથી. 'મિત્રમંડળ'નામના પ્રકરણમાં મણિલાલને વિદ્યાર્થી અવસ્થામાં જ કેટલાંક મિત્રો સાથે મૈત્રી બંધાઈ હતી. જેની તેમના જીવન પર કેટલીક સારી અને માઠી અસરોના ભોગ બન્યા હોવાનું તેઓ જણાવે છે. ખાસ તો આ પ્રકરણમાં ઉભય પ્રકારની મિત્રતા મણિલાલના માનસ પર શી અસર પડી તે આલેખવા તરફ ચરિત્રકારનું વલણ રહ્યું છે. સાથે મણિલાલ અને બાળાશંકરની મિત્રતામાં આવેલ ચઢાવ-ઉતારને સમતલ દ્રષ્ટિએ ચરિત્રકારે ન્યાય આપવાનો પ્રયત્ન કર્યો છે. વળી આજ ગાળામાં 'પ્રાર્થનાસમાજ'અને 'સ્વસુધારક મંડળ' જેવી પ્રવૃત્તિઓ દ્વારા મણિલાલની જાહેર કાર્યકર્તા તરીકેની કારકિર્દી અંકુરિત થતી રહી હોવાનું જણાવે છે. આમ ચરિત્રકારે મણિલાલના પ્રાથમિકથી કૉલેજજીવન કાળ સુધી તેમના જીવન વિશેના સમગ્ર આંતરબાહ્ય લક્ષણોને ઉપસાવી આપ્યા છે. 'કૉલેજજીવન' પ્રકરણમાં મણિલાલનો મુંબઈની કૉલેજમાં પ્રવેશ, તેમની અભ્યાસની વિશિષ્ટ પદ્ધતિ, ખંત અને નિષ્ઠાપૂર્વક અભ્યાસ ઈત્યાદી બાબતોને ચરિત્રકારે પ્રત્યક્ષ કરી આપી છે જેમાં તેમની તારતમ્યબુદ્ધિનો પરિચય આપણને મળી રહે છે.

મણિલાલ દ્વિવેદીના લગ્ન જીવનની સફળતા-નિષ્ફળતાનું આલેખન 'લગ્ન', 'કાળોતરો નાગ', 'પરણેલી સ્થિતિનો છેડો', 'આંતરજીવન'અને 'લગ્ન નાટકનો કરૂણ અંત' વગેરે પ્રકારણોમાં જોવા મળે છે. મણિલાલ જ્યારે અંગ્રેજી ચોથામાં ભણતા ત્યારે તેર-ચૌદ વર્ષની ઉંમરે અંબાલાલ રવિશંકરની પુત્રી ફૂલી ઉર્ફે મહાલક્ષ્મી સાથે લગ્ન થયું હતું. પત્ની સાથેની પ્રથમ મૂલકતમાં જ થયેલું સાપનું દર્શન, પછીના બે વર્ષે દશેરાના દિવસે પણ એજ બનાવ બન્યો હતો. વળી ભાવનગર જતાં કાચની બરણી તૂટવી, જમતી વખતે પાટલા નીચેથી કાનખજૂરો નીકળવો જેવા અપશુકનોના પ્રસંગો દ્વારા તેમના લગ્ન જીવનની નિષ્ફળતાને તાદ્રશ કરી આપી છે. સાથે ચરિત્રકારે મણિલાલમાં રહેલી વિચિત્રતાઓ અને વિરોધોને દર્શાવી આપ્યા છે.

ત્યારપછી ફૂલી દ્વારા અફીણ ખાવાનો ઢોંગ, કપડાં ફાડવા, ઘર બગાડવું, રોટલા સંતાડવા, અકસ્માત દીવા કરવા, વિવિધ ચમત્કારો કરીને ઘરમાં ભૂત હોવાનું સાબિત કરવું, મંગળને ચોરીછૂપીથી દાગીના આપી દેવા જેવા ઝીણા ઝીણા પ્રસંગોના નિરૂપણ દ્વારા ધીરુભાઈએ મણિલાલના લગ્ન જીવનની નિષ્ફળતાને ફલિત કરી આપી છે. ખાસ તો મણિલાલની લગ્નજીવનની કરૂણ દયનીતા 'લગ્ન નાટકનો કરુણ અંત' પ્રકરણમાં ગૂંથી આપી છે. અહીં ચરિત્રકારે ચરિત્રનાયકની સ્વાર્થવૃત્તિ અને આત્મવંચકવૃત્તિને ઉપસાવી આપી છે. એટલું જ નહીં પરંતુ મણિલક્ષ્મીના અપલક્ષણોથી વાજ આવેલા મણિલાલ દ્વારા પત્નીને ડામ દેવો ત્યાં સુધીનો ચિતાર આલેખી આપ્યો છે.

કૉલેજનું શિક્ષણ પૂર્ણ કર્યા બાદ નડિયાદમાં શિક્ષક તરીકેની નોકરી, મુંબઈની ગુજરાતી શાળામાં ડેપ્યુટી એજ્યુકેશનલ ઈન્સ્પેકટર, ભાવનગરની શામળદાશ કૉલેજમાં સંસ્કૃતના માનાર્હ પ્રોફેસર વગેરેમાં તેમની વિદ્વતાનો પરિચય કરાવી આપ્યો છે. સાથે મણિલાલ 'ગુજરાતી સોશિયલ યુનિયન'અને 'થિયોસોફિકલ સોસાયટી'જેવી સંસ્થાઓમાં જોડાઈને સંસ્કાર-સંરક્ષક લેખન-પ્રવૃત્તિનો પ્રારંભ કરી ધર્મ, નીતિ અને સુધારાના તત્ત્વનો નિર્ણય તેમના જીવનનો મુખ્ય ઉદ્દેશ્ય બની રહ્યો હતો. એ રીતે મણિલાલની લેખક, ચિંતક અને જાહેર કાર્યકર તરીકેની કારકિર્દીને ઉપસાવી આપતું 'ઉત્કર્ષકાળ' પ્રકરણ ઉત્તમ નીવડ્યું છે.

પ્રેમસ્થાનોની શોધમાં મણિલાલને અનેક મિત્રો સાથે મિત્રતા બંધાઈ હતી. જેમાં હરિ હર્ષદ ધ્રુવ, મનસુખરામ, ત્રિભુવનદાસ ગજ્જર અને પંડિત ગટ્ટુલાલજી ઈત્યાદી હતા. આમાંથી કેટલાક સાથે તેમને આજીવન મૈત્રી ટકી શકી હતી તો વળી અમુક મિત્રો સાથે શત્રુવટ ઊભી થાય તેવા પ્રસંગો પણ બન્યા હતા. વળી શુદ્ધ પ્રેમની શોધમાં મણિલાલને મુંબઈમાં એક સ્ત્રી સાથે સંબંધ બંધાયો હતો જેને તેઓ શુદ્ધ પ્રેમ માનતા હતા. પરંતુ પાછળથી તેમનો એ ભ્રમ દૂર થાય છે. પેલા ભક્ત શિષ્યયુગલની બાબતમાં પણ આવું જ બને છે. આવો જ બીજો પ્રસંગ મણિલાલના પરિચયમાં આવેલી દિવાળીબાઈનો છે. જે મણિલાલના પ્રેમમાં ગળાડૂબ હતી પરંતુ તેઓ તેના પ્રેમને પારખી શક્યા ન હતા અને અંતે મણિલાલના વિયોગમાં તે ક્ષય રોગથી મૃત્યુ પામે છે વગેરે પ્રસંગોનું આલેખન તેમણે 'બે પ્રેમપ્રસંગો' પ્રકરણમાં કરી આપ્યું છે. અહીં

મણિલાલને લગ્ન-જીવનમાં મળેલી નિષ્ફળતા અને તેને કારણે એક પછી એક સ્ત્રીની જાળમાં કેવા ફસાતા જાય છે, તેમજ તેમની વિષયવાસના અનેક સ્ત્રીઓ સાથેના અનૈતિક સંબંધોનું નિરૂપણ કરવામાં ચરિત્રકારે કશો ક્ષોભ રાખ્યો નથી. પોતાની વૃત્તિ અંગે મણિલાલે કાઢેલા ઉદ્દગારો ધીરુભાઈએ તેમના આત્મવૃત્તાંતમાંથી ટાંકેલા છે, *"મને વારંવાર એમ મનમાં આવે છે કે થિયોસોફીના ઇસોટેરિક સેક્શન યાને ઈસ્ટર્ન સ્કૂલમાંની પ્રથમ અને દ્રીતીય ડિગ્રીમાં ગયા પછી મારે આવું ન રાખવું જોઈએ-સ્ત્રીસંસર્ગ જ તજવો જોઈએ-જોકે એવી બાંધણી તો છે જ નહીં- પરંતુ હું ગમે તેવો યત્ન મનને ઉઠાવી લેવાનો કરૂં છું તોપણ મને કશું ઓછું એ બે જણ આવવા દેતા નથી, મારી ગૃહિણી જ હોય એ રીતે XX વર્તે છે. હું પણ હાલ તુર્ત એમ સમજીને નિભાવું છું કે ગૃહિણી હોત તો નિભાવવી પડત જ. મારા મનની વાસના પણ છેક નિર્મૂલ થઈ નથી."* [૨] આ પ્રકારના અવતરણ દ્વારા ચરિત્રકારે મણિલાલના ચારિત્ર્ય-સ્ખલનને છાવરવાનો પ્રયાસ ન કરતાં એનો સ્પષ્ટ નિદર્શ કરી આપ્યો છે. વળી ચરિત્રનાયક શુદ્ધ અભેદ પ્રેમભાવ માની આત્મવંચના તેમ પરવંચનામાં ઉતરી જાય છે તેનો પણ ધીરુભાઈએ નિખાલસ એકરાર કર્યો છે.

મણિલાલની શારીરિક બિમારીનું આક્રમણ 'તન અને મનના વ્યાધિ' પ્રકરણમાં જોવા મળે છે. જેમાં નાકમાં છોડ બાઝવો, નાકનો પડદો ખવાઈ જવાથી વચ્ચેથી બેસી જવું, નાકના વ્રણ ગળામાં ઉતરવા, ગળાનો કાકડો તૂટી જવાથી તાળવાનો થોડો ભાગ ખવાઈ જવો આથી બોલવામાં પણ મુશ્કેલી થવી. આવી વિષમ પરિસ્થિતિમાં પણ મણિલાલ અવિરત કામ કર્યા જાય છે. વગેરે પ્રસંગોમાં મણિલાલના મજબૂત મનનો પરિચય ચરિત્રકાર કરાવતા જાય છે. ઘરમાં અશાંતિ, શારીરિક વ્યાધિનો ભોગ બન્યા છતાં માતા-પિતા તરફથી સ્વાર્થ અને કટુતાયુક્ત વર્તનનો અનુભવ 'સ્વાર્થીલાં સગાં'માં કરાવી આપ્યો છે. અભ્યાસની બાબતમાં મણિલાલે પોતાના નાના ભાઈ માધવલાલને ટોક્યો ત્યારે માતા નિરધારે તેમને કટુવચનો સંભળાવ્યા હતા. એનાથી મણિલાલને બહુ જ દુઃખ થાય છે. એવો જ બીજો વાંધો ચાર હજાર દસ્તાવેજ અંગે માતાએ ઉઠાવ્યો હતો. વળી મણિલાલ જીવલેણ માંદગીમાં સંપડાયેલા હોવા છતાં પિતા તરફથી સતત

પૈસાની માંગણી વગેરે પ્રસંગોના નિરૂપણ દ્વારા ચરિત્રકારે મણિલાલના સ્વાર્થી માતા-પિતાની અવગણનાને છતી કરી આપી છે.

'કીર્તિનો મધ્યાહ્નઃ બહુવિધ સંસ્કારપ્રવૃત્તિ'નામના પ્રકરણમાં ચરિત્રકારે આધિ, વ્યાધિ અને ઉપાધિના ત્રિવિધ આક્રમણ હોવા છતાં તેમની અભ્યાસ પ્રવૃત્તિ કેવી વેગવંતી રહી હતી તેને ઉજાગર કરી આપી છે. લેખક, ચિંતક, મેજિસ્ટ્રેટ, ધર્મશિક્ષક, કવિ, પંડિત, થિયોસોફિસ્ટ, કોંગ્રેસી કાર્યકર, ઓનરરી મેજિસ્ટ્રેટ અને સ્થાનિક સુધારાઈના સભ્ય તરીકે મણિલાલે દેશભરમાં જે ખ્યાતિ મેળવી હતી તેનું ચિત્રાંકન ઉત્તમ નીવડ્યું છે. ગુજરાતમાં પશ્ચિમની સંસ્કૃતિના પ્રભાવતળે આવી આંધળું અનુકરણ કરવા માંડ્યુ હતું તેના પ્રભાવમાંથી મૂક્ત કરવા ભગીરથ પ્રયાસ મણિલાલે કર્યો હતો તે બતાવવાનું પણ ચરિત્રકાર ચૂક્યા નથી. આવા ઉજ્જવળ પાસાંઓની સાથે તેમની પ્રકૃતિગત મર્યાદાઓ અને સ્ખલનોને સત્યનિષ્ઠાથી ચરિત્રકાર ઉપસાવી શક્યા છે એનું કારણ ચરિત્રલેખકે મણિલાલ પ્રત્યે કેળવેલો આદર અને સમભાવ છે.

પછીના પ્રકરણમાં કાન્ત-કલાપી અને મણિલાલની મિત્રતાને છતી કરી આપી છે. જેમાં મણિલાલે કલાપીને રાજ્યકારભાર, ધર્મકર્મ, પ્રણયત્રિકોણ અને સાહિત્યરચના એમ અનેક ક્ષેત્રોમાં આપેલું માર્ગદર્શન, મણિલાલને આર્થિક સંકડામણમાં કરેલી મદદ એવા અનેકવિધ પ્રસંગો નોંધીને ચરિત્રનાયકનાં આંતરિક પાસાંને ઉજાગર કરી આપ્યા છે. સાથે રમણભાઈ અને મણિલાલ બંને પ્રતિપક્ષીઓ વચ્ચે દ્વૈત-અદ્વૈત સંબંધી જે ચર્ચા-વિચારણા થયેલી તે પણ અહીં ધ્યાન ખેંચ્યા વિના રહેતું નથી. મણિલાલના અવસાન સંદર્ભ વાત 'છેલ્લા દિવસો' પ્રકરણમાં જોવા મળે છે. આ માટે ધીરુભાઈએ કવિ-ચિત્રકાર શ્રી ફુલચંદ શાહ, ડૉ. લક્ષ્મીપ્રસાદ ત્રિવેદી, શ્રી જયશંકર સુંદરી, શ્રી રમણલાલ ઓચ્છવલાલ દ્વિવેદીની મુલાકાતોને દ્વારા પ્રાપ્ત થયેલી માહિતીને આધારે ચરિત્રનાયકની અંતિમ અવસ્થાને સંક્ષેપમાં આલેખી આપી છે.

ધીરુભાઈએ આ ચરિત્રના અંતમાં ત્રણ પરિશિષ્ટો મૂક્યા છે જેમાં પરિશિષ્ટ-૧માં મણિલાલના જીવનચરિત્રની સામગ્રીને પ્રગટ, અપ્રગટ અને પ્રકીર્ણ એમ ત્રણ વિભાગમાં સમાવેશ કર્યો છે. પરિશિષ્ટ-૨માં

મણિલાલ નભુભાઈનું વસિયતનામું અને પરિશિષ્ટ-૩માં મણિલાલની સમયાનુસારી જીવનરેખા મૂકી આપી છે. વળી મણિલાલના હસ્તાક્ષરનો મુદ્રાલેખનો પણ સમાવેશ કર્યો છે. અહીં મૂકેલા ત્રણ પરિશિષ્ટો જ સૂચવી આપે છે કે ચરિત્રકાર ધીરુભાઈએ કેવા ખંત અને પરિશ્રમ આ જીવનચરિત્ર માટે લીધો છે.

૩૭ જેટલા પ્રકરણમાં વહેંચાયેલા આ જીવનચરિત્રમાંથી પસાર થતાં આપણને ખ્યાલ આવે છે કે ચરિત્રકારે ભારે જહેમતથી મણિલાલના બાહ્ય અને આંતરિક પાસાંઓને ચરિતાર્થ કરી આપ્યા છે. આનું કારણ ચરિત્રકારની સત્યનિષ્ઠા છે. આ ચરિત્રના આલેખનમાં તેમણે લીધેલો પરિશ્રમ દાદ માંગી લે તેવો છે. ધીરુભાઈ ઠાકર પૂર્વ ૧૯૫૧માં અંબાલાલ પુરાણીએ મણિલાલ વિશે જીવનચરિત્ર લખ્યું હતું જેમાં કેટલીક ક્ષતિઓ રહી ગઈ હતી. ધીરુભાઈએ આનંદશંકરના પુત્ર ધ્રુવભાઈ ધ્રુવ પાસેથી અપ્રગટ આત્મવૃત્તાંત લઈને તેનો સંપૂર્ણ ઉપયોગ આ ચરિત્રમાં કર્યો છે. તેમાંથી ઠેર ઠેર અવતરણો ટાંકીને સમતલ દ્રષ્ટિએ મણિલાલના ચરિત્રને ઉપસાવી આપવાનો ઉપક્રમ રાખ્યો છે. એટલું જ નહીં પણ તેમના જીવનવિષયક માહિતી મેળવવા માટે મણિલાલ પત્રો, ફાઈલો, તેમના સમકાલીન માણસોની મુલાકાતો, મણિલાલના પૌત્ર-પૌત્રી મેળવેલી માહિતી, વસિયતનામું સાથે તેમના સંપર્કમાં રહેલા કેટલીક વ્યક્તિઓ પાસેથી પત્રો દ્વારા લીધેલી માહિતી, વગેરેને કારણ જ તેઓ મણિલાલનું સંપૂર્ણ માહિતીપૂર્ણ અને પ્રમાણભૂત જીવનચરિત્ર આપી શક્યા છે. એનું કારણ પણ તેમણે કેળવેલા સમભાવ અને તાટસ્થ્ય જેવા ગુણો જવાબદાર છે. આથી જ  ડૉ.મીના સોલંકીનું મંતવ્ય નોંધવા જેવું છે તેમનું માનવું છે કે, *“એકંદરે આખું ચરિત્ર વાસ્તવદર્શી બની રહે છે. છઠ્ઠા દાયકાની અગત્યની જીવનકથા ‘મણિલાલ નભુભાઈ: જીવનરંગ’ છે. જેમાં નાયકના જીવનને ક્રમશઃ આલેખીને તેના વ્યક્તિત્વના વિવિધ પાસાંને અનેક પ્રસંગો રૂપે પ્રગટ કરવાનો પ્રયાસ કર્યો છે. ચરિત્રલેખકે નાયકનાં વિવિધ રંગોની છટાને કેન્દ્રિત કરતાં ‘જીવનરંગ’ શબ્દ સાર્થક ઠરે છે.”* [3] તેમનો આ પ્રકારનો અભિપ્રાય સાર્થક લાગે છે.

## પરંપરા અને પ્રગતિ

ચરિત્રકાર ધીરુભાઈ ઠાકર લિખિત 'પરંપરા અને પ્રગતિ' બીજું જીવનચરિત્ર વિષયક પુસ્તક છે. જેની (મે,૧૯૮૦)માં પ્રથમ આવૃત્તિ પ્રકાશિત થઈ હતી. જેમાં તેમણે સ્વ.શેઠ કસ્તૂરભાઈ લાલભાઈનું જીવનચરિત્ર આલેખવાનો સંનિષ્ઠ પ્રયાસ કર્યો છે. ૨૧મી સદીના આપણાં દેશના ઔદ્યોગિક અને વ્યાપારી જગતમાં તેમણે કેવી સફળતા પ્રાપ્ત કરી હતી તેનું નિરૂપણ કરી આપ્યું છે. ગુજરાતી ચરિત્રસાહિત્યમાં કલાત્મકતાની દ્રષ્ટિએ આઠમાં દાયકાની નોંધપાત્ર કૃતિ બની રહે છે. ચરિત્રકારે કસ્તૂરભાઈ લાલભાઈનો ઔદ્યોગિક ક્ષેત્રે ઉપરાંત સમાજ સુધારણા, જૈન ધર્મની સ્થાપના, આઝાદીની લડતમાં કેવો અગ્રણી ફાળો રહ્યો હતો તેનું જીવંત ચિત્ર આપણને આ જીવનચરિત્રમાંથી મળી રહે છે. ધીરુભાઈએ પોતાના સમયની એક વિશિષ્ટ વ્યક્તિનું કશાય આડંબર વગર સાદી-સરળ ભાષામાં ચરિત્ર ગુજરાતીમાં સુલભ કરી આપ્યું છે. ધીરુભાઈ પૂર્વ આ પ્રકારનું કસ્તૂરભાઈનું ચરિત્ર ધી.એ.ડી. શ્રોફ મેમોરિયલ ટ્રસ્ટ મુંબઈ તરફ અંગ્રેજીમાં પ્રકાશિત થયું હતું. તે આ પ્રકારનું પ્રથમ પુસ્તક હતું. આ જીવનચરિત્ર ગુજરાતના બહુજન સમાજને કસ્તૂરભાઈના જીવન વિશે માહિતી મળી રહે તે ઉદ્દેશ્યથી ટ્રસ્ટે ગુજરાતીમાં અનુવાદ કરાવ્યું હતું. આ ટ્રસ્ટીમંડળે ધીરુભાઈને ચરિત્ર લખવા માટે કહ્યું હતું તેના પરિણામે આ ચરિત્ર ગુજરાતી ભાષામાં પ્રાપ્ત થાય છે. આ ટ્રસ્ટનો એક હેતુ ભારતીય અર્થનીતિના ઘડવૈયાઓના જીવનચરિત્ર પ્રગટ કરવા તે પણ રહ્યો છે.

'અદ્વિતીય અમદાવાદ'થી શરૂ થયેલી આ જીવનકથા 'છેલ્લું દર્શન'એમ કૂલ સોળ પ્રકરણમાં વહેંચાયેલી છે. જેમાં ચરિત્રકારે એક પછી એક પ્રકરણમાં ક્રમશઃ તેમના જીવનના વિવિધ પાસાંને આલેખતા જાય છે. ખાસ તો આ ચરિત્ર તૈયાર કરવામાં ધીરુભાઈએ લીધેલો પરિશ્રમ દાદ માંગી લે તેવો છે. કસ્તૂરભાઈ સાથે રૂબરૂ પંદર વાર મુલાકાત કરીને તેમની પાસેથી મેળવેલી સામગ્રી, કસ્તૂરભાઈની ડાયરી, અનેકવિધ મુલાકાતો, તેમનો અંગત પત્રવ્યહાર, નોંધો, તેમના નજીકના મિત્રો, કસ્તૂરભાઈના પત્રો તેમજ તેમના કાર્યકરો પાસેથી માહિતી મેળવીને આ ચરિત્રને ગુજરાતી સાહિત્યમાં સાર્થક કરી આપ્યું છે. આ

ચરિત્રલેખનનો તેમનો ઉદ્દેશ્ય ખાસ તો કસ્તુરભાઈની વિકાસોન્મુખ પ્રતિભાથી વિદ્યાર્થી અને ગુજરાતીઓ પરિચિત થાય તે રહ્યો છે. જેને આપણે વિગતે જોઈએ.

આ જીવનચરિત્રનું પ્રથમ પ્રકરણ 'અદ્વિતીય અમદાવાદ'છે. જેમાં ચરિત્રકાર ધીરુભાઈ ઠાકરે મુંબઈ, મદ્રાસ,કલકત્તા અને કાનપુરથી અમદાવાદ કઈ રીતે અલગ પડે છે તેનું ચિત્ર ઉપસાવી આપ્યું છે. ત્યારપછી અમદાવાદી માણસોની આગવી લાક્ષણિકતા દર્શાવી આપી છે. સ્વકીય પુરુષાર્થ, પોતાની આગવી સૂઝ અને શક્તિ, વ્યહવારકુશળતા, કરકસર, સાદું અને સ્વાશ્રયી જીવન, તેમની રહેણીકરણી વગેરે બાબતોનું નિરૂપણ કરીને અમદાવાદ નાગરિકોના ગુણો ગાયા છે. વળી અમદાવાદે સ્થાપત્યો, હુન્નર-ઉદ્યોગ, રસ્તાની બાંધણી વેપાર અને સમૃદ્ધિને કારણે દેશભરમાં કેવી નામના મેળવી હતી તેનું ચિત્ર આપવામાં ચરિત્રકાર સફળ રહ્યા છે. સાથે અમદાવાદી નાગરિકોની મર્યાદાઓ પણ તેઓ બતાવવાનું ચૂક્યા નથી. એ સમયે સ્થપાયેલી મહાજનની પ્રથાનો ઉલ્લેખ કરીને એક ઐતિહાસિક વાતાવરણ ઊભું કરી આપ્યું છે. કસ્તૂરભાઈને અમદાવાદ માટે કેવો લગાવ હતો તે બતાવીને આ મહાન નગરીની શ્રી, સંસ્કૃત્તિ, પ્રકૃત્તિ અને પરંપરાનું સાચું પ્રતિનિધિત્વ તેઓ કસ્તૂરભાઈમાં જૂએ છે. આધુનિક સંસ્થાઓ સ્થાપવામાં પણ કસ્તૂરભાઈના પ્રદાનને મૂલવી આપ્યું છે. કટોકટી વેળા પ્રજાની પડખે ઊભા રહીને મદદ કરવી, સત્તાધારીઓ સમક્ષ પ્રજાનો અવાજ પહોંચાડવો, ધન કમાવું પણ સમાજના સારા કામમાં તેનો ઉપયોગ કરવો અને કોઈથી દબાયા વગર કુનેહપૂર્વક મુશ્કેલીમાંથી માર્ગ કાઢવો જેવી પરંપરાના મુખ્ય પાસાંને તેમણે રજૂ કરી આપ્યા છે. ધીરુભાઈએ કસ્તૂરભાઈના જીવનકાર્યની સાથે તેનું અનુસંધાન કરીને વિગતોને બને તેટલી ચોકસાઈથી આલેખી આપી છે.

આ ચરિત્રનું બીજું પ્રકરણ 'કુળપરંપરા' વિશેનું છે. જેમાં ધીરુભાઈએ કસ્તૂરભાઈને વારસામાં મળેલા સંસ્કારોની પરંપરા તેમના દસમી પેઢીએ થયેલા પૂર્વજ શેઠ શાંતિદાસથી શરૂ કરીને લાલભાઈ શેઠ સુધી વિસ્તારી આપ્યો છે. ત્યારપછી લાલભાઈ શરાફ, ઝવેરી અને નગરશેઠ તરીકે ગુજરાત ઉપરાંત દિલ્હી સુધી કેવી નામના મેળવી હતી તેનું ચિત્ર રજૂ કરી આપ્યું છે. વેપારી કુનેહ, ધર્મપ્રેમ, સમાજકલ્યાણ, તીર્થસેવા,

સાહસ અને દ્રઢતા જેવા લક્ષણો લાલભાઈમાં કેવા ઉતરી આવ્યા હતા તેની વિગતે વાત કરી છે. પરંપરાને જડ રીતે વળગી રહેવાને બદલે સમય પારખીને પરંપરાનો ત્યાગ કરવાની સૂઝ અને હિંમત ચરિત્રકાર લાલભાઈમાં જૂએ છે.

આ કુટુંબે અત્યાર સુધી ઝવેરી અને શરાફીનો વ્યવસાય સફળ રીતે ચલાવ્યો હતો પરંતુ ભવિષ્યમાં આ ધંધામાં બરકત નહીં રહે એવી દીર્ઘદ્રષ્ટિ રાખીને પાછળથી વસ્ત્ર-ઉદ્યોગ તરફ વળ્યા તેનું 'વસ્ત્ર-ઉદ્યોગ'નામના પ્રકરણમાં બતાવી આપ્યું છે. આગળ અમદાવાદમાં પ્રથમ મિલની શરૂઆત કરનાર રણછોડલાલ છોટાલાલથી માંડીને કસ્તુરભાઈના પ્રદાનને મૂલવી આપ્યું છે. અમદાવાદના આર્થિક વિકાસમાં મિલ-ઉદ્યોગનો ફાળો કેવો રહ્યો હતો, આ ઉદ્યોગે જ અમદાવાદને 'ભારતનું માન્ચેસ્ટર'નું બિરુંદ કમાવી આપ્યું હતું અને આ માન્ચેસ્ટરના માન્ધાતા કસ્તૂરભાઈ બન્યા હતા.

'ઘડતર'નામના ચોથા પ્રકરણમાં પૂરા પાંચ દાયકાનું પણ આયુષ નહીં ભોગવી શકનાર લાલભાઈનું વ્યક્તિત્વ આલેખ્યું છે. વ્યાપક દ્રષ્ટિકોણથી વિવિધ યોજનાઓ અમલમાં મૂકવી, ધનોપાર્જનની સાથે સમાજ પ્રત્યેની જવાબદારી, જૈન સમાજ અને લોકહિતના સાર્વજનિક કામો ઈત્યાદી વિગતોની નોંધ લીધી છે. લાલભાઈનું અક્ષરચિત્ર આલેખતા ધીરુભાઈ લખે છે કે, *"લાલભાઈ શેઠનો દેખાવ જાજરમાન હતો. શરીરનો બાંધો મધ્યમ. ઊંચાઈ ૫', ૪'', જે એ જમાનામાં સામાન્ય ગણાતી. ગોળ મુખાકૃતિ, પાણીદાર આંખો અને ગુજરાતી પાઘડી. મિત્રોના સંસર્ગથી અંગ્રેજીમાં છટાદાર વાતચીત કરવાની કુશળતા તેમણે કેળવી હતી."* [૪] એવો અભિપ્રાય આપીને પૈસાની ચોક્સાઈ, શિસ્તપાલનનો આગ્રહ, વિનય, વિવેક, વ્યવસ્થા જેવા ગુણો બતાવીને લાલભાઈનો મિતાક્ષરી પરિચય કરાવી આપ્યો છે. આગળ ચરિત્રકારે કસ્તૂરભાઈના ઘડતરને વિગતે આલેખી આપ્યું છે. કસ્તૂરભાઈનો જન્મ ૧૯ડિસેમ્બર ૧૮૯૪માં થયો હતો. ત્યારથી શરૂ કરીને મ્યુનિસિપલ શાળામાં પ્રાથમિક શિક્ષણ લીધું હતું અને મેટ્રિક્યુલેશનની પરીક્ષા બીજા વર્ગમાં ઊંચે નંબરે પાસ કરી હતી. પિતાના અવસાનથી ૧૮વર્ષની ઉંમરે પોતાના કુટુંબ અને મિલ-ઉદ્યોગની આવી પડેલી જવાબદારીનું નિરૂપણ કરતાં ચરિત્રકાર જણાવે છે કે, *"જુવાનીના ઉંબરે ઊભેલા પુત્રને પિતાની ઝળહળતી*

*જાહેર કારકિર્દી પ્રત્યે અહોભાવ હતો. પિતા જ પુત્રનો આદર્શ બની ગયા હતા. પિતાનું જાજરમાન વ્યક્તિત્વ પુત્રની નજર આગળથી જાણે ખસતું જ નહોતું."* [૫] આ પ્રકારનું મંતવ્ય આપીને ગંભીર પ્રકૃતિના કસ્તૂરભાઈને પિતાની વિદાય પછી કેવી મૂંઝવણ થઈ હતી તેનું આબેહૂબ ચિત્ર રજૂ કરી આપે છે.

સત્તર-અઢાર વર્ષના કસ્તૂરભાઈ કૉલેજમાં દાખલ થયા એ અરસામાં જ રાયપુર મિલની તેમના પર આવી પડેલી જવાબદારી સ્વીકારીને બેજ વર્ષમાં તેમણે મિલને ભારતભરમાં ઉચ્ચ હરોળમાં મૂકી આપી હતી. પોતે એક બાહોશ અને શક્તિશાળી ઉદ્યોગપતિ તરીકે ખ્યાતિ પામ્યા હતા તેને ચરિતાર્થ કરી આપ્યું છે. વળી આ સમયે અનેક પ્રતિકૂળતાઓ વચ્ચે તેમના લગ્ન શ્રી ચીમનલાલ વાડીલાલ ઝવેરીના પુત્રી શારદાબહેન સાથે થાય છે અને તેઓ સંસારમાં પગ મૂકે છે. ધીરુભાઈ જણાવે છે કે, *"કસ્તૂરભાઈ આમ વ્યવસાયમાં તેમ સંસારમાં પ્રવેશ કરી રહ્યા હતા ત્યારે ઉજ્જવલ ભાવિનો શુભ સંકેત દર્શાવતા સંજોગોના શાંતાનુકૂલ પવનનો આહ્લાદક સ્પર્શ અનુભવી રહ્યા હતા"* [૬] આ દરેક વિગતોને ચરિત્રકારે 'શાન્તાનુકૂલ પવનો' નામના પ્રકરણમાં ઉલ્લેખ કર્યો છે.

'કસોટી અને પદાર્થપાઠ'માં આરંભમાં મિલમાલિકો અને મજૂરો વચ્ચે થયેલો વિખવાદ, મજૂરો દ્વારા હડતાળ, ગાંધીજીનો ઉપવાસ, કસ્તૂરભાઈનું જાહેર જીવનમાં કાર્યરત થવું અને નિઃ સ્વાર્થ ભાવે કામ કરી છૂટવાની ભાવના કેવી આકરીત થતી રહી તે સમગ્ર વિગતોને બતાવી આપી છે. ખાસ તો આ પ્રકરણમાં ચરિત્રકારે અશોક મિલની સ્થાપના પ્રસંગે કસ્તૂરભાઈને કેટલીક કટોકટીભરી પરિસ્થિતિમાંથી પસાર થવું પડ્યું હતું તેનો ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. પ્રત્યેક સાહસની પાછળ બધી બાજુનો પૂરો ખ્યાલ કરીને ચોક્કસ આર્થિક ગણતરી પછી આગળ પગલું ભરવું એવો પદાર્થપાઠ તેમને આ અનુભવથી મળ્યો તેનું તટસ્થતાથી વિગતે આલેખન કરી આપ્યું છે. એવી બીજી સમસ્યા તેમને સરસપૂર મિલની બાબતમાં પણ બન્યું હતું અને તેનું સુકાન સંભાળી લઈને તે મિલને ડૂબતી કેવી ઉગારી લીધી હતી તેનો પરિચય કરાવ્યો છે.

કસ્તૂરભાઈએ દેશના આર્થિક અને રાજકીય પ્રશ્નોમાં કાર્યરત રહ્યા તેની માહિતી આપણને 'વડી ધારાસભામાં' નામના પ્રકરણમાં મળી રહે છે. હિંદી સરકારે કાપડ ઉપર નાખેલો સાડા ત્રણ ટકાની આબકારી જકાત અન્યાયી હતો. કસ્તૂરભાઈ વડી ધારાસભામાં ચુંટાઈને આવ્યા પછી પોતાની સૂઝ અને સમજથી સરકાર પાસે ઠરાવ મૂકીને આ અન્યાયપૂર્ણ જકાતને વિધિપૂર્વક નાબૂદ કરાવ્યો હતો. આ કામગિરીથી ખુશ થઈને મોતીલાલજીએ તેમને પ્રમાણપત્ર આપ્યું હતું કે, *"તમે અમારી સ્વરાજ પાર્ટીના અનેક સભ્યોના કરતાં સવાયા સ્વરાજિસ્ટ છો."*[૭] ધારાસભામાં તેમના ભાષણોની નોંધ લેવાતી. 'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા'એ તેમના ભાષણોને મુદ્દાસર અને વિવેકપૂર્વક તરીકે ઓળખવીને કસ્તુરભાઈની પ્રતિભાને બિરદાવી હતી. ટૂંકમાં કસ્તૂરભાઈ ત્રણ વર્ષ દરમિયાન ધારાસભામાં રહ્યા આ અરસામાં તેઓ એક રાષ્ટ્રપ્રેમી, લોકહિતૈષી ઉદ્યોગપતિ તરીકે દેશભરમાં ખ્યાતિ પામ્યા હતા તેને યથાર્થ રીતે દર્શાવી આપ્યું છે.

ઔદ્યોગિક સાહસની સફળતાનું રહસ્ય 'વિસ્તરતી ક્ષિતિજો'માં દ્રષ્ટિગોચર થાય છે. વિવિધ મિલોની સ્થાપના કરીને કુટુંબના તમામ સભ્યોને મેનેજિંગ એજન્સી અપાવી હતી જે કસ્તૂરભાઈની કુટુંબવત્સલતા પર પ્રકાશ પાડે છે. વળી દેશના નામાંકિત વ્યક્તિઓ બી.કે.મજુમદાર અને ચંદ્રપ્રસાદ દેસાઈના સહયોગના કારણે તેમનો કેવો ક્ષિતિજ વિસ્તાર થયો હતો તે બતાવ્યું છે.

ઈ.સ.૧૯૩૪-૩૫માં કસ્તૂરભાઈની હિંદી વેપાર-ઉદ્યોગ મહામંડળના પ્રમુખ તરીકે વરણી, અમદાવાદના મિલમાલિક મંડળના પ્રમુખ તરીકે કાર્યરત રહ્યા તેની માહિતી 'વાટાઘાટ અને વિષ્ટિ'પ્રકરણમાં પ્રાપ્ત થાય છે. રાષ્ટ્રીય હિત જાળવવા માટેની તેમની સજાગતા અને પરદેશી શાસકો સમક્ષ તેની રજૂઆત કરવાની હિંમત ધીરુભાઈએ અનેકવિધ પ્રસંગો દ્વારા આલેખી આપ્યું  છે. પીઢ ઉદ્યોગપતિ ઉપરાંત વિચક્ષણ વિષ્ટિકાર તરીકે વિવેક અને સ્વમાનની મર્યાદામાં રમતી મુત્સદ્દીગીરી, વેપારની સૂક્ષ્મ સમજ, સમજાવટની અસાધારણ શક્તિ પરદેશી સરકાર સાથેની વાટાઘાટમાં કેવી ફળદાયી બની હતી તે ચરિત્રકારે સાર્થ કરી આપી છે. રિઝર્વ બેંકના ચૂંટાયેલા ડિરેકટર તરીકે એમણે નવા ગવર્નરની નિમણૂક અંગે કહેલું કે, *"સરકારને ગવર્નરની નિમણૂક કરવાની સત્તા છે એ કબૂલ; પણ કાયદાની જોગવાય મુજબ બોર્ડ ઑફ ડિરેક્ટર્સની*

*સંમતિથી નિયુક્તિ થાય છે. અમારું દ્રઢ મંતવ્ય છે કે આ જગા પર હિંદીની નિમણૂક કરવી જોઈએ."* ‘ તેમના આ પ્રકારના પ્રયાસથી જ તે વખતના ડેપ્યુટી ગવર્નર સર ચિંતામણ દેશમુખની નિયુક્તિ થઈ હતી. જે તેમની રાષ્ટ્રીય ભાવનાનો પરિચય કરાવે છે.

કસ્તૂરભાઈએ ઔદ્યોગિક ક્ષેત્રે કરેલા નવપ્રસ્થાનની વાત 'અભિનવ ઉદ્યોગતીર્થ' પ્રકરણમાં કરી છે. અતુલ મિલ કસ્તૂરભાઈની કારકિર્દીનું સર્વોચ્ચ શિખર છે. આ ક્ષેત્રની તેમની નોંધપાત્ર સિદ્ધિઓની કથાને ધીરુભાઈએ બિરદાવી છે. અતુલે ઉત્પાદનકેન્દ્રની સાથે સંસ્કારકેન્દ્રની ગરજ સારે તેવી એની વિશેષતા, વિવિધ કેન્દ્રો વિકસાવવામાં અતુલનું માનભર્યું સ્થાન વિગેરેને જોતાં ચરિત્રકારે આ પ્રકરણને 'અભિનવ ઉદ્યોગતીર્થ' કહીને નવાજયું છે તે યથાર્થ બની રહે છે. મજૂરો પ્રત્યેની આત્મીયતા 'મજૂર અને માલિક' પ્રકરણમાં દર્શાવી આપી છે. મજૂર અને માલિકના જે ભેદ છે તે મિટાવીને મજૂર અને માલિક વચ્ચે પિતા-પુત્ર જેવો સંબંધ સ્થાપવા ગાંધીજી ઈચ્છતા હતા પરંતુ તે કસ્તૂરભાઈ સિદ્ધ કરી શક્યા નથી તે ચરિત્રકારે તટસ્થ ભાવે કહ્યું છે. 'રાષ્ટ્રીય રંગપીઠ પર'માં કસ્તુરભાઈ રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં સક્રિય થતા જાય છે. રાષ્ટ્રીય રંગપીઠ પર ચાલતા સત્કાર્યને કસ્તૂરભાઈએ હિંમત, દ્રઢતા અને ઊંડી કર્તવ્યબુદ્ધિથી આ કાર્યને આગળ વધારવામાં જે પુરુષાર્થ કર્યો હતો તે આ પ્રકરણનું હાર્દ બની રહે છે. 'સ્વરાજપ્રાપ્તિ પછી' પ્રકરણમાં સ્વરાજ મળ્યા પછી તેમણે રાષ્ટ્રહિતાર્થ કરેલી કામગીરીને બિરદાવી આપી છે. રાષ્ટ્રીય કક્ષાની સમિતિઓ અને પ્રતિનિધિમંડળોનું કસ્તૂરભાઈએ કરેલ સફળ નેતૃત્વને વણી આપ્યું છે.

'પ્રાચીન તીર્થો અને આધુનિક સંસ્થાઓ' ચોવીસ જેટલા પાનાંમાં લખાયેલા આ પ્રકરણમાં સ્વરાજ મળ્યા પછી કસ્તૂરભાઈએ કરેલા કાર્યોની ઝીણવટભરી માહિતી આપી છે. જેમાં જૈન મંદિરોનો જીર્ણોદ્ધાર, પ્રેમાનંદ હૉલની અદ્યતન સ્થાપત્ય, ઈજનેરી કૉલેજની સ્થાપના અને જૂની હસ્પ્રતોનું સંશોધન કરાવીને તેની સુરક્ષાની વ્યવસ્થા ઊભી કરવી ઈત્યાદી કામગીરીનું ચરિત્રકારે તટસ્થ મૂલ્યાંકન કરી આપ્યું છે. ઉપરાંત અટીરા, પી.આર.એલ., સંસ્કૃત વિદ્યામંદિર, નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ડિઝાઈન, વિક્રમ સારાભાઈ કૉમ્યુનિટી સાયન્સ સેન્ટર, આઈ.આઈ.એમ સ્કૂલ ઑફ આર્કિટેકચર જેવી આધુનિક સંસ્થાઓનું નિર્માણ કરી તેમના

વહીવટમાં હસ્તક્ષેપ ન કરવો, વળી કસ્તુરભાઈએ રાણકપુર તીર્થ, દેલવાડાના દેરા અને તારંગા તીર્થનો કરેલો જીર્ણોદ્ધારનો ઉલ્લેખ કરીને તેમની કલા પ્રત્યેની રસ-રુચિને ધીરુભાઈએ બિરદાવી આપી છે. સાથે જૈન ધર્મ અને સમાજ પ્રત્યે કસ્તૂરભાઈનું વલણ મિતવાદી સુધારક તરીકે રહ્યું હોવાનું ચરિત્રકાર નોંધે છે. આ સંદર્ભમાં ધીરુભાઈનું મંતવ્ય નોંધવા જેવું છે, *"જીવનનું કોઈ સ્પષ્ટ ધ્યેય ભલે તેમણે અગાઉથી નક્કી કર્યું ન હોય, પરંતુ સામાન્ય રીતે શ્રીમંતોમાં જોવા મળે છે. તેવું લક્ષ્મીની છોળો વચ્ચે રહીને વૈભવી જીવન માણવાનું તો તેમનું વલણ નહોતું જ. કુળપરંપરા, ઉછેર અને રાષ્ટ્રીય નેતાઓ સાથેના સંસર્ગે તેમનામાં સામાજિક જવાબદારીનું ભાન જગાડ્યું હતું. તેમાં કલાપ્રેમ અને ધર્મનિષ્ઠા ભળતાં સાંસ્કૃતિક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં તેમનો રસ સક્રિય થયો. તેને પરિણામે બંને ક્ષેત્રોમાં તેમનું મહત્ત્વનું યોગદાન જોવા મળે છે."* [૯] આ સમગ્ર કાર્યને મૂલવીને તેઓ કસ્તૂરભાઈના પ્રદાન વિશે અંતમાં જણાવે છે કે, *"તીર્થોનો જીર્ણોદ્ધારા અને આધુનિક યુગને અનુરૂપ યુગને અનુરૂપ સંસ્થાઓની સ્થાપના કરનાર કસ્તુરભાઈ ભવિષ્યના ઈતિહાસકારને પરંપરા અને આધુનિકતાનો વિરલ સમન્વય સાધી બતાવનાર અમદાવાદની સંસ્કૃતિના સમર્થ પ્રતિનિધિરૂપ દેખાશે."* [૧૦] આ પ્રકારનું ધીરુભાઈનું મંતવ્ય વ્યાજબી લાગે છે.

'ઉત્તમના અભિલાષી' નામના પ્રકરણમાં ધીરુભાઈએ કસ્તૂરભાઈના જીવનની કેટલીક સફળતા-નિષ્ફળતાનું આલેખન કરી આપ્યું છે. કસ્તૂરભાઈ હંમેશા ઉત્તમના અભિલાષી રહ્યા છે. કામ કરવામાં પણ તેઓ 'ઉત્તમ'નો આગ્રહ રાખતા હતા. પ્રમાણિક્તા, નિષ્ઠા, સમયની ચોક્સાઈ, ખંત, શ્રમ, નિષ્ઠાની સાથે ઊંચું નિશાન અને તેને વળગી રહેવાનું, પુખ્ત વિચાર પછી જે નિર્ણય પર આવે અને તેને વળગી રહેવાનું, યોગ્ય સમયે સચોટ અને સ્પષ્ટ રીતે વ્યક્ત કરે વગેરે બાબતોને કસ્તૂરભાઈના સ્પષ્ટ વક્તવ્યના પ્રસંગોની ચરિત્રકારે મૂલવણી કરી આપી છે. વળી કુટુંબ દ્વારા જ ઉદ્યોગનું સંચાલન ગોઠવવાનું સ્થિતિચુસ્ત વલણ અન્યથા પ્રગતિશીલ પદ્ધતિના પુરસ્કર્તા હોવા છતાં છોડી શક્યા ન હતા, કસ્તૂરભાઈ અંગત મૈત્રી સંબંધ કોઈની સાથે કેળવી શક્યા ન હતા. આ બે પ્રસંગોના ઉલ્લેખો પરથી આપણને ખ્યાલ આવે છે કે ધીરુભાઈ એક ચરિત્રકારને સૂઝે તે રીતે મર્યાદાઓને બતાવવાનું પણ ચૂક્યા નથી.

આ પુસ્તકનું અંતિમ પ્રકરણ 'છેલ્લું દર્શન' એ વિશેનું છે. જેમાં ધીરુભાઈએ કસ્તૂરભાઈના નિધાનનો પ્રસંગ આંખે દેખ્યો હતો તેવી સાદી સરળ ભાષામાં આલેખન કરી આપ્યો છે. આરંભમાં તેમને દેશ-વિદેશની મનભાવતી વાનગીઓ અને રાણી એલિઝાબેથ સાથેની મુલાકાત, તેમની બીમારી અને મૃત્યુની ઘટના જેવી બાબતોને વણી લીધી છે. ત્યારપછી કસ્તૂરભાઈના અવસાન પ્રસંગે દેશ-વિદેશના મહાનુભવો, ગુજરાત સમાચાર જેવા પત્રો લીધેલી અંજલિઓ નોંધી છે. આપણાં આ મહાન ઉદ્યોગપતિનું અવતરવું એક ઘટના તેઓ માને છે. એવી એક બીજી ઘટના તેઓ તેમની વિદાયને માને છે. આમ આ પ્રકરણમાં કસ્તૂરભાઈના અવસાનથી જાણે કે એક આખા યુગની સમાપ્તિ થઈ હોવાનું તેઓ નોંધે છે.

ચરિત્રકારે કસ્તૂરભાઈનું ચરિત્ર સોળ પ્રકરણમાં આલેખી આપ્યું છે. ત્યારપછી એમના જીવનની રેખા સાલવારી પ્રમાણે રજૂ કરી આપી છે. ઉપરાંત અંતમાં ત્રણ પરિશિષ્ટો મૂકી આપ્યા છે. જેમાં પહેલું પરિશિષ્ટ આ ચરિત્રના અંગ્રેજી પ્રકાશનના વિમોચન સમયે બાબુભાઈ જશભાઈ પટેલે આપેલું પ્રવચન છે, જેમાં કસ્તૂરભાઈના વ્યક્તિત્વ અને પુરુષાર્થને ઉજાગર કરી આપ્યું છે. બીજા અને ત્રીજા પરિશિષ્ટોમાં કસ્તુરભાઈના બે પ્રવચનોનો સમાવેશ કરવામાં આવ્યો છે. પુસ્તકની શરૂઆતમાં જ સંક્ષેપોની સમજની સાથે દરેક પ્રકરણને અંતે અપાયેલી ટીપની ધીરુભાઈએ સમજ પૂરી પાડી છે. આ જીવનચરિત્રની બીજી મહત્ત્વની લાક્ષણિક્તા તેમાં મૂકેલી છબિઓ અને કસ્તૂરભાઈના ફોટા બની રહે છે. સાથે ગાંધીજી, વલ્લભભાઈ, મોતીલાલ નહેરૂ, જવાહરલાલ નહેરુના મૂકેલા પત્રોથી આ જીવનકથા વાસ્તવિક બનવા પામી છે. 'કુમાર'ના સૌજન્યથી કસ્તુરભાઈ લાલભાઈ પરિવારનું વંશવૃક્ષ પણ દર્શાવ્યું છે જે મહત્ત્વનું બની રહે છે. આથી જ આ જીવનચરિત્ર સંદર્ભ પ્રફુલ્લ રાવલ જણાવે છે કે, *"ધીરુભાઈ ઠાકરે પ્રાપ્ત માહિતીનો સુયોગ્ય વિનિયોગ કરીને એવા કસ્તૂરભાઈના ચરિત્રને ઉજાગર કર્યું છે, જેમણે પરંપરાના પગથિયાંનો નાતો કાયમ રાખીને પ્રગતિના ઉન્નત શિખરને સ્પર્શ કરીને જીવનને ઉજળું બનાવ્યું છે."* [11] વળી હર્ષદ ત્રિવેદી પણ આ ચરિત્ર બાબતે જણાવે છે કે, *"ધીરુભાઈ ઠાકરે લખેલ કસ્તૂરભાઈ લાલભાઈ શેઠની જીવનકથા 'પરંપરા અને પ્રગતિ' ઉદ્યોગવીર, પ્રજાહિતવાંછુ દાનવીર, કર્મઠ પુરૂષને ઉપસાવે છે. કસ્તૂરભાઈની પ્રતિભાના વિશેષો ઠીક*

*પ્રમાણમાં ઊઘડી શક્યા છે. જીવનકથામાં આ કૃતિ નોંધપાત્ર ગણી શકાય તેવી છે."* [૧૨] આ બંને તારણો આપણને યથાર્થ લાગે છે. કારણ કે ચરિત્રકારે કોઈપણ પ્રકારના ઢાંકપિછોડા વગર કે ગુણાનુંવાદ કર્યા વગર ભાષાના આયાસી વગર સાદી, સરળ ભાષામાં કસ્તૂરભાઈના ચરિત્રને ઉજાગર કરી આપ્યું છે. ધીરુભાઈએ આ જીવનકથા લેખનમાં તેમના વિશેના ભ્રમોનું નિરસન પણ તેમની સાથેના વાર્તાલાપ દ્વારા કર્યું છે તે પણ ઉત્તમ બની રહે છે. ચરિત્રલેખનના ઉદ્દેશ્યમાં જણાવ્યા પ્રમાણે ભાવિ પેઢીને માર્ગદર્શનરૂપ બની રહે તે છે અને આ પ્રકારનો ઉદ્દેશ્ય આપણને ફળીભૂત થતો લાગે છે.

## મણિલાલ દ્વિવેદી

મણિલાલ નભુભાઈ દ્વિવેદીના જીવન અને સાહિત્યનો રસ ધીરુભાઈ ઠાકરને કૉલેજકાળથી જ રહ્યો હતો. ત્યારપછી મણિલાલ દ્વિવેદી પર મહાશોધ નિબંધ તૈયાર કરીને તેઓ પીએચ.ડી.ની ઉપાધિ મેળવે છે. તેમજ મણિલાલનું બધું જ પ્રગટ-અપ્રગટ સાહિત્યને પ્રકાશમાં લાવવાનું પણ તેઓ કરે છે. સતત વર્ષો સુધી મણિલાલ પર અભ્યાસ સાધના કરી છે એવા લેખકના પરિપક્વ પીઢ અધ્યયનનો લાભ આ લઘુગ્રંથને મળ્યો છે. ખાસ તો આ લઘુગ્રંથ બિનગુજરાતી વાચકોને નજર સમક્ષ રાખીને લખાયો હોવાથી તેની આગવી વિશેષતા બની રહે છે.

મણિલાલ દ્વિવેદી ઉપર લખયેલો આ લઘુગ્રંથ ૮૨જેટલા પૃષ્ઠોમાં વહેંચાયેલો છે. જેમાં ધીરુભાઈ ઠાકરે આરંભમાં જ મણિલાલના જીવન, શિક્ષણ, મિત્રો અને સાથીઓ, વિદ્યાકીય, સામાજિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, સાંસ્કૃત્તિક જીવનધ્યેય, આંતરરાષ્ટ્રીય ખ્યાત વિદ્વાન તરીકે મેળવેલી નામના ઈત્યાદી બાબતોને મૂલવી આપી છે. ધીરુભાઈએ નિષ્પક્ષતાથી ગ્રંથકારના જીવન અને સાહિત્યની મર્યાદાઓ પણ બતાવવાની ચૂક્યા નથી. વળી મણિલાલનું ગૃહસ્થ જીવન, પ્રેમપ્રકરણો, ઉત્તર જીવન વિશેની માહિતી ગ્રંથકારની આત્મકથાના આધારે મણિલાલના સ્ખલનો બેધડકપણે નિરૂપણ કરી આપ્યા છે. ધર્મ અને તત્ત્વજ્ઞાન, સમાજ સુધારો, કેળવણી વિષયક, રાજકીય પ્રશ્નો વિષયક લખાણોની આવશ્યક ચર્ચા કરીને મણિલાલની

સાહિત્યપ્રવૃત્તિઓનો હેવાલ અને મુલવણી આપવાનો પ્રયત્ન કરી આપ્યો છે. 'કાન્તા' અને 'નૃસિંહાવતાર' જેવા નાટકો, 'ગુલાબસિંહ' નવલકથા, મણિલાલ દ્વિવેદીનું આત્મવૃતાંત, નિબંધો, સાહિત્યવિવેચન, સંશોધન અને અનુવાદ એમ સાહિત્યના અનેકવિધ ક્ષેત્રોમાં મણિલાલે કરેલા પ્રદાનનું મૂલ્યાંકન, વિવિધ અભ્યાસીઓના મંતવ્યોને ટાંકી-ચકાસીને કરી બતાવ્યું છે. નર્મદ, નવલરામ, રમણભાઈ નીલકંઠ, ગોવર્ધનરામ, બાલાશંકર, નરસિંહરાવ, અને ગાંધીજી સાથેનો તુલનાત્મક અભ્યાસ કર્યો છે. ગુજરાતી ગદ્યને, વિશિષ્ટ શાસ્ત્ર અને તત્ત્વજ્ઞાનની ચર્ચા માટે કેળવીને અને પોતાના વ્યક્તિત્વ સ્પર્શથી સજીવ, ઓજસ્વી ગદ્યશૈલીનું નિર્માણ કરીને, મણિલાલે ગુજરાતી સાહિત્યમાં પ્રભાવશાળી ગદ્યલેખક તરીકેની જે છાપ પાડી હતી તેની પણ યોગ્ય ચર્ચા કરી આપી છે. ધીરુભાઈ ઠાકરે ગ્રંથકારની શૈલીની ઢબે જ સઘનતા, સરળતા, સંક્ષિપ્તતા લક્ષણોથી સમગ્ર ચર્ચા કરી ગુજરાતી-અંગ્રેજી-સંસ્કૃત અને પ્રાપ્ત-અપ્રાપ્ત કૃતિઓની યાદી આપી છે. સમગ્ર રીતે મણિલાલના કાર્યને તપાસતા તેઓ જણાવે છે કે, *"મણિલાલના કામને તપાસીએ તો ધર્મ અને તત્ત્વજ્ઞાન વિશેના એમનાં લખાણો, એક તરફ, સામાન્ય જનતામાં ધર્મશાસ્ત્રો પ્રત્યેની શ્રદ્ધાના અભાવને દૂર કરવામાં સહાયભૂત થયાં, બીજી તરફ અંગ્રેજી કેળવણીએ જન્માવેલા સંશયાત્મક બુદ્ધિવાદને દૂર કર્યો. આખરે એમણે ધર્મશાસ્ત્રો અને બુદ્ધિવાદ વચ્ચે સંવાદ સ્થાપ્યો. મણિલાલ, પશ્ચિમના પ્રજાસમુદાય સમક્ષ પ્રાચીન ભારતીય વિચારને તર્કગ્રાહ્ય અને પ્રતીતિકર રીતે મૂકનાર સૌથી પ્રથમ ગુજરાતી લેખક હતા."* [૧૩] આ પ્રકારની  વિશેષતા આ લઘુગ્રંથની ઉપયોગિતા સાબિત કરી આપે છે.

ધીરુભાઈએ મણિલાલના અંગ્રેજી લખાણોએ, આંતરરાષ્ટ્રીય વિદ્વત્સમાજમાં, ભારતીય સંસ્કૃતિ અને તત્ત્વજ્ઞાન પ્રત્યે રસ જાગ્રત કરી, તદ્વિષયક ચર્ચા-વિચારણા આ પુસ્તિકામાં કરી આપી છે. આ પુસ્તિકામાં અંતમાં બે પરિશિષ્ટોનો સમાવેશ કર્યો છે. જેમાં પ્રથમ પરિશિષ્ટ મણિલાલ દ્વિવેદીની કૃતિઓ અને બીજામાં મણિલાલ દ્વિવેદી વિષયક કેટલાક પુસ્તકો અને લેખોનો સમાવેશ કર્યો છે.

## સ્મરણમાધુરી

ચરિત્રકાર ધીરુભાઈ ઠાકરનું ચરિત્ર સાહિત્યમાં ત્રીજું મહત્ત્વનું પુસ્તક 'સ્મરણમાધુરી' છે. ધીરુભાઈ ઠાકર લિખિત આ સ્મરણકથા વાસ્તવમાં તેમના પોતાના અનુભવોની સમૃદ્ધ આત્મકથા બની રહે છે. પ્રથમ આવૃત્તિ જૂન ૧૯૯૧માં જેમાં (૧૯૧૮થી ૧૯૯૦)અને બીજી સંવર્ધિત આવૃત્તિ નવેમ્બર ૨૦૦૮માં જેમાં (૧૯૧૮થી ૨૦૦૮)સુધીના નેવું વર્ષના આયુષપટને આવરી લેતી જીવનકથા સ્મરણકથા રૂપે અહીં આકાર પામી છે. નવ પ્રકરણમાં વહેંચાયેલી આ સ્મરણકથામાં પોતાના જીવનના ખટ-મીઠા પ્રસંગોને ઐતિહાસિક ક્રમમાં આલેખી આપ્યા છે. માતા-પિતા, સ્વજનો, સહકાર્યકર્તાઓ, શિક્ષકો, મિત્રો, અધ્યાપકો એમ અનેકવિધ વ્યક્તિઓના રમૂજપ્રેરક કે કૃતજ્ઞતાથી આલેખાયેલા વાસ્તવમાં રેખાચિત્રો બની રહે છે. બાળપણથી જે-જે વ્યક્તિઓના પરિચયમાં આવ્યા તે સર્વની લાક્ષણિક્તાને ધીરુભાઈએ એક ચરિત્રકારની હેસિયતથી ન્યાય આપ્યો છે. મોડાસા કૉલેજમાં અધ્યાપક તરીકે આવેલા રમણીક અરાલવાળા અને ભૂપેશ અધ્વર્યુ તો કોઈ ટૂંકીવાર્તાના પાત્રો હોય તેવા આપણને લાગે છે.

ચરિત્રકારે વિસ્મયભાવથી પણ ચરિત્રકારની તટસ્થતાથી પોતાની આ સ્મરણકથાને આકાર આપ્યો છે. આ સ્મરણકથાના આરંભમાં જ તેઓ જણાવે છે કે, *"વેદનાનો વ્રણ જિંદગીભર દૂઝતો રહે તેની સાથે તેના શબ્દરૂપ કથનવર્ણનથી જન્મતો આનંદાનુભવ પણ થતો રહે એવું કશુંક આ આપકથા કહેતી વખતે મેં અનુભવ્યું છે."* [૧૪] એવી સ્પષ્ટા તેમણે કરી આપી છે. સામાન્ય રીતે એક અધ્યાપકનું જીવન એક જ ઘરેડમાંથી પસાર થતું હોય છે પરંતુ ધીરુભાઈ તેમાં અપવાદરૂપ છે. ઉત્તરોત્તર વિકસતા જતાં તેમના જીવનમાં ક્યાંક આશા-નિરાશા, હાસ્યરસ, કઠોર વાસ્તવિક્તા, રમૂજી પ્રસંગો, ખટ-મીઠા અનુભવોને તેમણે પ્રસન્નતાપૂર્વક આલેખી આપ્યા છે. ટૂંકમાં કોડીનાર અને ધાંટવડ, ચાણસ્મા, સિદ્ધપુર, સૂરત અને અમદાવાદ, મુંબઈ, અમદાવાદ-મુંબઈ-અમદાવાદ, મોડાસા, અમદાવાદ અને ઉત્તરખંડ એવા શીર્ષક આપી પોતાના અનુભવોની સમૃદ્ધ વાનગીઓને આપણી સમક્ષ રજૂ કરી આપી છે જેનો આપણે વિગતે અભ્યાસ કરીએ.

'કોડીનાર અને ઘાંટવડ' નામના પ્રથમ પ્રકરણમાં પોતાના બાળપણના અનુભવોને રજૂ કરી આપ્યા છે. પાંચ-છ વર્ષના ધીરુભાઈ તેમની મોટી બહેન સુમિત્રા સાથે ફોજના સિપાઈઓ શિકાર કરીને લાવેલા મરેલા વાઘ અને ચિત્તાને સ્પર્શતા ત્યારે ભયની લાગણી તેમના શરીરમાંથી પસાર થઈ જતી હોવાનું જણાવે છે. ઘાંટવડમાં તેમણે એક ગાય પાળી હતી જેનું નામ તેમણે બોડી રાખ્યું હતું. ગાયને ઘાસ નિરવા લઈ જવી, ઘાસ એકત્ર કરીને તેનો ભારો બાંધીને ઘરે લાવવો, પતંગ ઉડાડવા જેવા પ્રસંગોને નિખાલસભાવે તેમણે વાગોળ્યા છે. દિવાળીના દિવસે ધીરુભાઈએ ફટાકડા માટે કરેલો કજિયો અને બજારમાં ઘોડો ભડકવાને કારણે તેમને થયેલી શારીરિક ઈજા જેવા પ્રસંગો દ્વારા તેમણે પોતાના વ્યક્તિત્વની કૌતુકભરી લાક્ષણિકતાને લાઘવથી ઉઠાવ આપ્યો છે. નાથાબાપાનો કરૂણ પ્રસંગ પણ અહીં રજૂ થયો છે. ટૂંકમાં ચરિત્રકારે પ્રથમ પ્રકરણમાં પ્રાથમિક શાળાના બે વર્ષ ભણ્યા હતા તેના સ્મરણોને આલેખી આપ્યા છે.

'ચાણસ્મા'નામના બીજા પ્રકરણમાં ચરિત્રકારે અંગ્રેજી ત્રીજું અને ચોથા ધોરણના સ્મરણોને ઉપસાવી આપ્યા છે. અહીં ખાસ કરીને તેમના વ્યક્તિત્વ ઘડતરમાં મદદરૂપ બનનારા કેટલાક શિક્ષકોના ચિત્રોને ઉપસાવી આપ્યા છે. વિરમભાઈ પટેલ, શંકરલાલ પાધ્યા, નંદલાલભાઈ, પ્રહ્લાદભાઈ, એસ.એલ.વહિયા, રામલાલ મોદી વગેરેના વ્યક્તિત્વની તેમના પર પડેલી અસર અને તેમના અધ્યાપન કાર્યની સ્પષ્ટતા કરી આપી છે. પિતાજીને વાંચનનો શોખ વિશેષ હતો આથી ઘરમાં જ એક લાઈબ્રેરી બનાવી હતી જેમાંથી બાળ ધીરુભાઈને સમજાય કે ના સમજાય તેવું કોઈપણ પુસ્તક લઈને વાંચતાં હતા. વળી નિશાળમાંથી પણ તેઓ કોઈ વાર્તાની ચોપડી લાવીને ખેડૂત પટેલો સમક્ષ વાંચી સંભળાવતા હતા. ચાણસ્મામાં ધીરુભાઈ હાફપેન્ટ પહેરીને નીકળતા ત્યારે કૂતરું તેમની પાછળ પડતું, તળાવમાં ભેંસોની સાથે નાહવા જતાં જેવા રમૂજી પ્રસંગોને ઉઠાવ મળ્યો  છે. ચાણસ્મા નિવાસ દરમ્યાન તેમણે વાણી અને વર્તનના ગ્રામ્ય વ્યવહારોમાં શેહ-શરમ વિના ભાગ લીધો હતો અને તેના કારણે તેઓ અભદ્ર ભાષા પણ બોલતા હતા તેની વાત પણ એક ચરિત્રલેખકને શોભે એવી તટસ્થતાથી આલેખી આપી છે.

સિદ્ધપુરમાં આવ્યા પછી તેમની વિચાર, વ્યવહાર અને વિદ્યાકીય પ્રવૃત્તિ સવિશેષ ખીલી ઉઠી હતી તે વિશેની વાત તેમણે 'સિદ્ધપુર'નામના પ્રકરણમાં કરી આપી છે. ૬૪ ટકા ગુણ સાથે તેમણે મેટ્રિક્યુલેશનની પરીક્ષા પાસ કરીને તેમણે સુરત એમ.ટી.બી. કૉલેજમાં પ્રવેશ મેળવ્યો ત્યાંસુધીની વિગતે વાત કરી આપી છે. સાથે સિદ્ધપુરના બાહ્મણોજ્ઞાતિભોજનમાં પુષ્કળ ખર્ચો કરતાં હતા તેનીય વાત કરીને રૂઢિચુસ્ત સમાજની છબિને ઉપસાવી આપે છે. આ ત્રણેય પ્રકરણોમાં જીવનના ખટ-મીઠા અનુભવોની સાથે ગ્રામજીવનની તાસીરને ધીરુભાઈએ યોગ્ય ઉઠાવ આપ્યો છે.

'સૂરત અને અમદાવાદ'નામના પ્રકરણમાં સૂરતમાં એમ.ટી.બી. કૉલેજમાં પ્રવેશ ત્યારપછી ઇન્ટર સાયન્સ ગુજરાત કૉલેજમાં પ્રવેશ મેળવ્યો હતો. તેમનું સ્વપ્ન ઈજનેર થવાનું હતું પણ ભૌતિકશાસ્ત્રની પ્રાયોગિક પરીક્ષામાં નાપાસ થયા આથી ઍંજિનિયર થવાનું સ્વપ્ન તેમનું પડી ભાગ્યું ઈત્યાદી બાબતોને પ્રત્યક્ષ કરી આપી છે. 'મુંબઈ' નામના પ્રકરણમાં ઇન્ટર આર્ટ્સમાં સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં પ્રવેશ મેળવ્યો હતો. ત્યારપછી કે.બી. વ્યાસની સલાહથી ગુજરાતી ઓનર્સ અને સંસ્કૃત ગૌણ રાખી મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાં પ્રવેશ મેળવ્યો હતો. અહીંથી ધીરુભાઈ ઠાકરની વિદ્યાકીય યાત્રા નવો વળાંક લે છે. કૉલેજમાં વિવિધ નાટ્યાત્મક પ્રવૃત્તિને કારણે ઉમાશંકર જોશી, ચંદ્રવદન મહેતા, ધનંજય ઠાકર, દુર્ગેશ શુકલ, બલુકાકા જેવા સાહિત્યકારોના સંપર્કને લીધે પોતાના બૌધિક ઘડતરમાં કેવો ફાળો રહ્યો હતો તેનો ચિતાર આપ્યો છે. કે.બી.વ્યાસની પ્રેરણાથી મુંબઈની વિલેપર્લેની ગોકળીબાઈ હાઈસ્કૂલમાં મદદનીશ શિક્ષક, ચિલ્ડ્રન્સ એકેડેમીમાં ગુજરાતી વિભાગના અધ્યક્ષ અને મેટ્રિકના વર્ગશિક્ષક, મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાં ખંડ સમયના અધ્યાપક તરીકે નિયુક્ત થયા અને આ બધામાં કે.બી.વ્યાસનો શો ફાળો રહ્યો હતો તેની નોંધ લીધી છે. મુંબઈમાં તેમને કેવું ફાવી ગયું હતું તે જણાવતા તેઓ કહે છે કે, *"મુંબઈમાં હું પાંચ વર્ષ રહ્યો. તે દરમિયાન મારું બૌદ્ધિક ઘડતર થયું. વિવિધ રસરુચિ અને શક્તિ પંચરંગી જનસમુદાયના સંસર્ગમાં આવવાનું થયું તે મોટી વાત હતી. નવી તાજી હવા માટે મગજના બારીબારણાં ખૂલી ગયા હતા."* [૧૫] આ પ્રકારના

મંતવ્ય પરથી જોઈ શકાય છે કે મુંબઈમાં તેમની દ્રષ્ટિનો કેવો ક્ષિતિજવિસ્તાર થયો હતો તેનો સંકેત આપણને મળી રહે છે.

'અમદાવાદ-મુંબઈ-અમદાવાદ'નામના પ્રકરણમાં ઈ.સ.૧૯૪૧-૧૯૬૦સુધીના અમદાવાદની ગુજરાત કૉલેજમાં તેઓ અધ્યાપક તરીકે રહ્યા ત્યાંસુધીના સંસ્મરણો વાગોળ્યા છે. અધ્યાપન કાર્યની સાથે નાટ્યાત્મક પ્રવ્રત્તિઓ સાથે કેવા સંકળાયેલા હતા અને ટૂંક સમયમાં એક સંનિષ્ઠ અધ્યાપક તરીકે નામના મેળવી હતી તે વિગતને તટસ્થતાથી આલેખી આપી છે. શાળામાં હતા ત્યારથી સંવાદો મારફત નાટ્યપ્રવૃત્તિઓમાં રસ કેળવાયો અને જતાં દિવસે વિદ્યાર્થી અવસ્થામાં ગુજરાત અને એલ્ફિન્સ્ટન કૉલેજમાં તે પછી શિક્ષક તરીકે ચિલ્ડ્રન્સ એકેડેમીમાં વિકસ્યો હતો તે હવે ગુજરાત કૉલેજમાં વધુ ફૂલ્યો-ફાલ્યો હતો તેની વિગતે માહિતી આ પ્રકરણમાં મળી રહે છે. ગુજરાત કૉલેજમાં ડ્રામેટિક સોસાયટી ચાલતી હતી. ધીરુભાઈ ઠાકર તે કૉલેજમાં વિદ્યાર્થી હતા ત્યારે એક પણ નાટક ભજવાયું હોઈ તે યાદ નથી. ત્યારે તેમણે તે સંસ્થાને સજીવન કરીને નવા પ્રાણ પૂર્યા હતા. અહીં ચાલતી નાટ્યાત્મક પ્રવૃત્તિઓમાં તેમને વિદ્યાર્થી-વિદ્યાર્થીઓનો અને અનંતરાય રાવળ જેવાનો કેવો સહકાર સાંપડ્યો હતો તેની માહિતી મળી રહે છે. ક્યારેક આ પ્રકારની નાટ્યાત્મક પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓ સાથે કેટલાક અણબનાવ પણ બનતા હતા. જેમાં એક પ્રસંગે વિદ્યાર્થીઓએ ગંભીર તોફાન કરવાની યોજના ઘડી હતી પરંતુ તે પકડાઈ જતા તેમને કૉલેજમાંથી રુખસદ આપી હતી. વળી એક દુષ્યંત નામના તોફાની છોકરાને નાટકના માધ્યમ દ્વારા તેના જીવનની કારકિર્દી કેવી બદલી નાખી હતી તે પ્રસંગ પણ રસપ્રદ રીતે આલેખી આપ્યો છે. ડ્રામેટિક સોસાયટી ઉપરાંત શહેરની એક-બે સ્વતંત્ર નાટ્યસંસ્થામાં પણ કામ કરીને અમદાવાદની અવૈતનિક નાટ્યપ્રવૃત્તિઓને ઊંચા સ્તર પર મૂકી આપી હતી તેનો વિગતે દસ્તાવેજ મળી રહે છે. આ સમયમાં તેમણે વિવિધ નાટ્યતાલીમ શિબિરો ચલાવી હતી તે પ્રસંગોને પણ વણી લીધા છે. વળી અનંતરાય રાવળ સાથેના સત્તર વર્ષના સંબંધોને પણ શબ્દરૂપ આપ્યું છે. તેમના અવસાન પછી તેમનું સ્મરણ જળવાઈ રહે તે માટે એમના વિવેચન અને શિક્ષણની ઉત્કૃષ્ટતા ધ્યાનમાં રાખીને એમના નામના બે પુરસ્કારની સ્થાપના કરી વાર્ષિક વ્યાખ્યાનનું પણ આયોજન કર્યું હતું.

અહીં ચરિત્રકારની અનંતરાય રાવળ પ્રત્યેના પ્રેમ, ઋણ અને આદર વ્યક્ત કરવાની વિશિષ્ટ રીત ઉપસી આવે છે.

આ સ્મરણકથાનું સૌથી મહત્ત્વનું પ્રકરણ 'મોડાસા'વિશેનું છે. ધીરુભાઈ ઠાકર ઈ.સ.૧૯૬૦માં એક સ્વપ્નું લઈને મોડાસા કૉલેજમાં ગયા હતા. એ સ્વપ્ન ત્યાંની કૉલેજને સારી શૈક્ષણિક સંસ્થા બનાવવા ઉપરાંત અધ્યાપકો અને વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ સાથે પરસ્પર યોગ્ય સંબંધો કેળવાય, સંચાલકો અને અધ્યાપકો સાથેના સંબંધો મીઠા રહે અને વિદ્યાર્થીઓનો સર્વાંગીણ વિકાસ થાય એ હતો. જીવનના બે દાયકા તેમણે મોડાસા કૉલેજના નિર્માણમાં અર્પયા હતા. શરૂઆતમાં આર્ટ્સ અને કોમર્સથી શરૂ થયેલી કૉલેજમાં પાછળથી ધીરુભાઈ ઠાકરની પ્રેરણાથી સાયન્સ, એજ્યુકેશન અને લૉ એમ પાંચ વિદ્યાશાખાનો વિસ્તાર થયો હતો તેના મૂળ ધીરુભાઈ ઠાકરના આચાર્ય તરીકેના કુશળ સંચાલનમાં પડેલા હતા. અહીંના પ્રત્યેક વિદ્યાર્થીઓ અભ્યાસ કરીને વૈશ્વિક સ્તરે નામના મેળવે એ હેતુથી તેમણે માર્ગદર્શન કેન્દ્ર, લેંગવેજ પ્રયોગશાળા, મ્યુઝિયમ, 'રંગલોક'નામની નાટ્યસંસ્થા, 'માજૂમ' નામનું સામયિક, કવિસંમેલન, સંગીત-તાલીમના વર્ગો, ગ્રંથાલય, ફિશબોન્ડ, વિદ્યાવિસ્તાર નામની યોજના, નાટ્યસંસ્થા, યુવક મહોત્સવ, રમત-ગમત સ્પર્ધા, જિમ્નેશિયમ આવા અનેક શિક્ષણકેન્દ્રો ઉભા કરીને તેમણે મોડાસા કૉલેજને ધમધમતું રાખ્યું હતું. સાથે  ટૂંક ગાળાના વ્યવસાયલક્ષી અભ્યાસક્રમો દાખલ કરીને તેઓ એક દ્રષ્ટા પુરવાર થયા હતા. મોડાસા કૉલેજનો આ પ્રકારનો વિકાસ જોઈને જ સરકારે જ્યારે ઉત્તર ગુજરાત યુનિવર્સિટીનું વડુમથક માટે વિ.વિ.જ્હોન સમિતિ નીમી હતી અને તેમણે મોડાસા કૉલેજ કેમ્પસની મુલાકાત લીધી હતી તે અને પ્રો.બાર્નહીલ પર આ કૉલેજ કેમ્પસે તેમના પર શી છાપ પાડી તે પત્રો દ્વારા ધીરુભાઈને જણાવી હતી તેનો પણ વિગતે ઉલ્લેખ અહીં મળી રહે છે. આ પ્રકારના વિકાસથી જ અનેક સાહિત્યકારો મોડાસા કૉલેજમાં આવવા ખેંચાયા હતા. દશ-બાર વર્ષ તેમને મોડાસા કૉલેજમાં જે ઈચ્છતા તેમાં સફળતા મળી પણ હતી. પરંતુ ત્યારપછીના દિવસોમાં કેટલાક આઘાતજનક બનાવો બન્યા હતા. જેમાં ઈ.સ.૧૯૬૯માં ઇન્દિરા ગાંધીએ મોરારજી દેસાઈને પ્રધાનમંડળમાંથી દૂર કર્યા તેના વિરોધમાં વિદ્યાર્થીઓએ હડતાળ પાડી આથી

ધીરુભાઈ ઉપવાસ પર ઉતર્યા હતા. છેવટે વિદ્યાર્થીઓએ હડતાળ પાછી ખેંચી લીધી અને ધીરુભાઈએ ઉપવાસ છોડ્યા હતા પરંતુ ત્યારથી તેમને વિદ્યાર્થી સમુદાય વચ્ચે અંતર પડી ગયું હોય તેમ લાગ્યું હતું. બીજો બનાવ એસ.એસ.સી.ની પરીક્ષા ફીમાં વધારો કરવામાં આવ્યો ત્યારે કેટલાક વિદ્યાર્થીઓએ હડતાળ પાડીને કૉલેજના મકાન પર પથ્થરમારો કરીને બારી બારણાંના કાચ તોડી નાખ્યા હતા. ઉપરાંત કૉલેજ કેમ્પસના વૃક્ષોને ઉખાડીને ફેકી દીધા હતા આ અરસામાં ધીરુભાઈ મુંબઈ હતા જ્યારે પાછા આવીને આ બધુ જોઈને ત્યારે તેમને ભારે દુઃખ થયું હતું. સૌથી વધુ કલેશજનક બનાવ ૧૯૭૪ની નવનિર્માણની લડત વેળાનો છે. આ સમયમાં કેટલાક વિદ્યાર્થીઓએ મોડાસા કૉલેજના અધ્યાપકો વિરુદ્ધ નનામી પત્રિકા કાઢી તેમને કૉલેજમાંથી તાત્કાલિક દૂર કરવાની માગણી કરી હતી. પરંતુ તેમને બચાવી ન શક્યા. પરંતુ આ નવરત્નોને પડખે ઉભા રહીને ન્યાય અપાવીને તેમને યોગ્ય વળતર અપાવામાં મદદરૂપ બન્યા હતા. આ પ્રકરણમાં બીજા આઘાતકજનક બનાવો કોમી તંગદિલી અંગેના છે. ઈ.સ.૧૯૭૩માં મોડાસામાં એવું હિંસક કોમી રમખાણ થયું કે બજારની દુકાનની એક આખી હાર સળગી ગઈ હતી. આ સમયે પણ ધીરુભાઈ સ્વસ્થતા જાળવીને વિદ્યાર્થીઓની એક ટુકડી અને અધ્યાપકોને લઈ જઈને બળી ગયેલી દુકાનોના કાટમાળ ખસેડવામાં અને પરિસ્થિતિ થાળે પાડવામાં મદદ કરી હતી. આ પ્રકારના આંદોલનમાં એક વાર મોડાસા કૉલેજ કેમ્પસમાં રહેતા એક મુસ્લિમ અધ્યાપકના ઘર પર હુમલો થયો હતો આ વખતે તેમની પત્નીને પ્રસૂતિનો પ્રસંગ હતો ત્યારે ધીરુભાઈની પત્ની મદદરૂપ બન્યા હતા આ સમયે પણ તેઓ કેટલાક લોકોના ટીકાને પાત્ર બન્યા હતા. આ પ્રકારના અનુભવોએ ધીરુભાઈને બહું નિરાશ કર્યા હતા. ઊંઘ આવતી ન હતી, લોહીનું દબાણ રહેવા લાગ્યું અને તેમને આચાર્ય પદ છોડી દેવાનો વિચાર આવ્યો હતો પરંતુ ચાર વર્ષ તેઓ વધુ રહ્યા હતા. આ અરસામાં પુત્ર દિલીપના આગ્રહથી તેઓ ઈંગ્લેન્ડ ગયા અને ત્યાંથી અમેરિકા, કેનેડા અને યુરોપ જેવા દેશોનો પ્રવાસ કર્યો હતો. આ પ્રવાસ દરમિયાન તેમણે ત્યાંની કેટલીક જાણીતી યુનિવર્સિટી અને નાટ્યસંસ્થાઓની મુલાકાત લીધી હતી તેનું નિરૂપણ કરી આપ્યું છે. ટૂંકમાં સમગ્ર પ્રકરણમાંથી પસાર થતાં આપણને ખ્યાલ આવે છે કે એક શિક્ષક ધારે તો શું કરી શકે તેનો પૂરો અહેવાલ અહીં મળી રહે છે.

મોડાસા કૉલેજમાંથી આચાર્યપદેથી નિવૃત્ત થયા ત્યારપછીના સંસ્મરણો 'અમદાવાદ'નામના પ્રકરણમાં ચરિતાર્થ કર્યા છે. આ સમયે તેમણે સાહિત્યમાં કરેલી અમૂલ્ય સેવાની વિગતો મળી રહે છે. મણિલાલ દ્વિવેદીના આત્મવૃત્તાંતનું સંપાદન, ગુજરાતી સાહિત્યના ઈતિહાસને જરૂરી સુધારા વધારા સાથે પ્રકાશિત કરવો, 'પ્રિયંવદા', 'સુદર્શન', 'જ્ઞાસુધા'અને 'સમાલોચક'જેવા સામયિકોની સૂચિ તૈયાર કરવી, કસ્તુરભાઈ લાલભાઈનું જીવનચરિત્ર લખવું અને પોતાને મળેલા અનેકવિધ પુરસ્કારો વિશે માહિતી આપી છે. ખાસ તો આ પ્રકરણનો રસપ્રદ પ્રસંગ તેઓ વિસનગરના સાંકળચંદભાઈના સંપર્કમાં આવવું અને વિશ્વકોશ જેવો મોટો પ્રકલ્પ હાથ પર લેવો તે અંગેનો છે. વિવિધ નિષ્ણાત વિદ્વાનોના સંપર્ક સાધી એક પછી એક વિશ્વકોશના ખંડ પ્રકાશિત કરતાં રહ્યા હતા અને વિશ્વકોશની પ્રવૃત્તિને આગળ વધારી હતી. પોતે એક હજામની દુકાને વાળ કપાવા ગયા હતા ત્યારે દુકાનનો માલિક હાજર ન હતો ત્યારે રખેને કોઈ તેમને હજામ માની લેશે એવી ભીતિને વર્ણવતો વિનોદી પ્રસંગ પણ રસપ્રદ બન્યો છે.

આ સ્મરણકથાનો છેલ્લું પ્રકરણ 'ઉત્તરખંડ'વિશેનું છે. જેમાં પોતાને બોનસરૂપે મળેલા વીસ (૧૯૯૧-૨૦૦૮)વર્ષોના અનુભવની વાત કરી છે. કોડીનાર-ઘાંટવડથી શરૂ થયેલી આ જીવન કથા કોડીનાર-ઘાંટવડના પુનઃ સ્મરણ સાથે સમાપ્ત થાય છે. અહીં તેમની અતીતની માયાનું વળગણ કેટલું રહ્યું હતું તેનું ચિત્ર પ્રત્યક્ષ થાય છે. છેલ્લે પોતાના પરિવારની વિગતો આપતું 'વંશવૃક્ષ' મૂક્યું છે જે સંપૂર્ણ નથી. તેમ છતાં તેમના પરિવારની વિવિધ શાખાઓનો પરિચય આપણને તેમાંથી મળી રહે છે. અંતમાં 'જીવનરેખા'માં ધીરુભાઈ ઠાકરની સમગ્ર સાહિત્યસર્જનની સાલવારી પ્રમાણે દર્શાવી આપી છે.

ગુજરાતી સાહિત્યના અગ્રણી સાહિત્યકાર ધીરુભાઈ ઠાકરની આ સ્મરણકથા ગુજરાતી ચરિત્રસાહિત્યમાં આગવી ભાત પાડે છે. તેમનામાં કઈંક નવું અને સુંદર કરવાની ધગશ છે. સ્વમાનની ભાવના, ગાંધીયુગની આદર્શનિષ્ઠા વગેરે બાબતો આ જીવનકથામાંથી મળી રહે છે. જયંત કોઠારીનું મંતવ્ય આ સ્મરણકથા સંદર્ભ નોંધવા જેવું છે તેમનું કહેવું છે કે, *"ધીરુભાઈના વ્યક્તિત્વપ્રકટન પરત્વે કંઈક અસંતોષ રહી જાય છે. એમના વ્યક્તિત્વમાં બીજું પણ ઘણું હશે, જે અહીં કહેવાયું નહીં હોય. કુટુંબજીવન પ્રમાણમાં*

*ઓછું જ વ્યક્ત થયું છે. સંભવ છે કે ધીરુભાઈએ પોતાની જીવનકથાની અમુક મર્યાદા સ્વીકારી હોય, સંભવ છે કે પોતાની જાતને વધુ અને સ્પષ્ટ વ્યક્ત કરવાનું ધીરુભાઈના સ્વભાવમાં ન હોય, સંભવ છે કે કેટલેક સ્થાને દાખલ થઈ ગયેલી વિગતપ્રચુરતાએ બાધા ઊભી કરી હોય, સંભવ છે કે ધીરુભાઈની આલેખનરીતિમાં જ કંઈક વધુ તટસ્થતા હોય."* [૧૬] આ પ્રકારનું તેમનું મંતવ્ય સાર્થક લાગે છે. કારણ કે આ સ્મરણકથામાં તેમણે પોતાની મોટી બહેન સુમિત્રાના અવસાનની ઘટના, પિતા જ્ઞાતીના ભોગ બન્યા વિશેની, રાયચંદભાઈ સાથેના ઘનિષ્ઠ સંબંધને પ્રકાશિત કરનાર પ્રસંગો અને ગાંધીજીના હત્યાના સમાચાર વખતે તેમના પર શી અસર થઈ વગેરેની વિગતોની વધુ અપેક્ષા રહે છે. પરંતુ તે આપવાનું તેઓ ચૂકી ગયા છે. આમ છતાં જયંત કોઠારી આ 'સ્મરણમાધુરી'પ્રત્યે જણાવે છે કે, *"ધીરુભાઈની કથનશૈલી સરલ, સાફ, પ્રવાહી છે. ખાંચખૂંચ કે ખાડાટેકરાનો અંતરાય તેમાં ક્યાંય આવતો નથી. ભાવાર્દ્રતા, ઉષ્માની ઓછપ કદાચ લાગે, પણ વસ્તુ પોતાના બળથી જ રસનીય બને છે. આપણાં એક અગ્રણી કેળવણીકારની અને વિદ્વાનની આ રસપ્રદ અને બોધક આત્મકથા આપણાં તે વિષયના સાહિત્યમાં એક ગણનાપાત્ર ઉમેરો છે."* [૧૭] આ પ્રકારનું તેમનું તારણ યથાર્થ લાગે છે.

## ધીરુભાઈ ઠાકરનું નિબંધ સાહિત્ય

ધીરુભાઈ ઠાકરનું ગુજરાતી સાહિત્યમાં અનેકવિધ સ્વરૂપોમાં કરેલા ખેડાણમાં નિબંધ ક્ષેત્રે આપેલું પ્રદાન પણ અનોખું રહ્યું છે. છેલ્લા સત્તર વર્ષ દરમિયાન 'જીવનમાધુરી' શ્રેણી અંતર્ગત ૯ પુસ્તકો પ્રકાશિત થયા હતા. 'સંસ્કારમાધુરી'(૧૯૯૦)માં આનંદાશ્રિત તત્ત્વજ્ઞાન, શિક્ષણ અને સંસ્કાર વિષયક લેખો, 'શબ્દમાધુરી'(૧૯૯૧)માં દેશપરદેશના સાહિત્યકારોના નખચિત્રો, 'સ્મરણમાધુરી'(૧૯૯૧) લેખકની સ્મરણાત્મક આપકથા, 'સત્સંગમાધુરી' (૧૯૯૫)માં ધર્મ, અધ્યાત્મ અને સત્સંગને લગતા લેખો, 'અંગત-બિનંગત' (૧૯૯૮), 'રંગમાધુરી'(૨૦૦૦)માં નાટક અને રંગભૂમિ વિશેના લેખો, 'પત્રમાધુરી'(૨૦૦૨)માં વિવિધક્ષેત્રના મહાનુભાવોના પત્રો, 'સફરમાધુરી'(૨૦૦૪)માં લેખકના વિદેશપ્રવાસોની અનુભવકથા,

‘વિશ્વમાધુરી’(૨૦૦૭)માં શિક્ષણ, સાહિત્ય, સંસ્કાર અને વિશ્વકોશને સ્પર્શતા લેખો અને છેલ્લો નિબંધસંગ્રહ ‘પ્રસંગમાધુરી’(૨૦૧૨)માં આપણને પ્રાપ્ત થાય છે. અહીં ‘સ્મરણમાધુરી’ અને ‘રંગમાધુરી’ ને અનુક્રમે ચરિત્ર અને વિવેચન નામના પ્રકરણમાં મૂલવી આપ્યું છે તેથી તેનું અહીં પુનરાવર્તન કરવાનું ટાળ્યું છે. ધીરુભાઈએ પાંચેક દાયકાના સમયગાળા દરમિયાન લખેલા લઘુલેખો અનેક સ્થળે આપેલા વ્યાખ્યાનો, વાર્તાલાપો અને લખાણોરૂપે અહીં ગ્રંથસ્થ થયેલા જોવા મળે છે. જેનો આપણે વિગતે અભ્યાસ કરીએ.

## શબ્દમાધુરી

નિબંધકાર ધીરુભાઈ ઠાકરનો ગુજરાત સાહિત્ય અકાદમી તરફથી પુરસ્કૃત થયેલો પ્રથમ નિબંધસંગ્રહ ‘શબ્દમાધુરી’(૧૯૯૧)માં પ્રકાશિત થયો હતો. આ સંગ્રહમાં મુખ્યત્વે બે પ્રકારના નિબંધો જોવા મળે છે. એકમાં ગુજરાતી સાહિત્યના સર્જકકેન્દ્રી અને બીજા વિશ્વસાહિત્યના સર્જકલક્ષી નિબંધો. ગુજરાતી સાહિત્યકારોમાં ગાંધીજી, મેઘાણી, કલાપી, કાન્ત, દુલા કાગ, કૃષ્ણલાલ શ્રીધરાણી, કિશોરલાલ મશરૂવાળા, મણિલાલ નભુભાઈ અને ત્રિભુવનદાસ ગજ્જર વગેરેની વાત મુખ્યત્વે તેમના પ્રદાનના સંદર્ભ સંક્ષેપમાં આલેખાયેલી છે. વિશ્વસાહિત્યના સર્જકોમાં ટોલ્સ્તોય, આઈવા ઍંડ્રિક, હેમિંગ્વે, શેક્સપિયર, ઝયા જીને, અમેરિકના જાણીતા સાહિત્યકાર અને ઠઠ્ઠાચિત્રકાર જેમ્સ થર્બર જોન મિરોને આ સંગ્રહમાં આવરી લેવાયા છે.

આ નિબંધસંગ્રહનો પ્રથમ નિબંધ ‘રંગકસુંબી’ છે. હેમચંદ્રાચાર્યનાં ‘સિદ્ધહેમ’ના દુહાઓનો ઉલ્લેખ કરીને તેમાં વ્યક્ત થયેલા પ્રેમ-શૌર્ય અને નારીની ખુમારીનું નિરૂપણ કરી આપ્યું છે. અહીં ગુર્જર સંસ્કૃતિનો કસુંબલ રંગ સંગ્રહના આ લેખમાં જોવા મળે છે. ‘તપોવનનો કવિ’માં કવિ કાલિદાસ અંગેની રસપ્રદ માહિતી સાંપડે છે. સાથે ‘રઘુવંશ’, ‘કુમારસંભવ’ જેવા મહાકાવ્યો અને નાટકોનો ઉલેખ્ખ કરીને તે કેવા સફળ નીવડ્યા છે તેની ઝીણવટપૂર્વક નોંધ લીધી છે. કાલિદાસ વિશે પ્રચલિત દંતકથાઓનો ઉલેખ્ખ કરવાનું તેઓ ચૂક્યા નથી. શેક્સપિયરના નાટકો, ખલનાયકો અને શેક્સપિયરનું જીવન ‘અંધારપિછોડો ઓઢીને ઊભેલા કવિને’લેખમાં પ્રાપ્ત થાય છે. ભારતીય સાહિત્યસ્વામીઓમાં કવિવર રવિન્દ્રનાથ ટાગોરના જીવનપ્રસંગોની

વાત 'મહામના રવિન્દ્રનાથ'છે. રવિન્દ્રનાથના વ્યક્તિત્વના પ્રતિભાશાળી અંશોને તેમની જ આત્મકથામાંથી ઉજાગર કરી આપીને આ નિબંધને રસપ્રદ બનાવ્યો છે. 'કસુંબીનો કવિ'અને 'ફાટેલા પિયાલાનો કવિ'માં અનુક્રમે મેઘાણી અને દુલા ભાયા કાગનું સર્જકત્વ નિરૂપાયેલું છે. મેઘાણીની અનેકવિધ સફળતામાંથી લોકસાહિત્યના કરેલા પ્રદાનને મૂલવી આપ્યું છે. વળી દુલાભાઈની કવિતાને ફાટેલા પિયાના સાથે સરખાવીને તેમના જીવનના માર્મિક પ્રસંગોનું બયાન આ નિબંધમાં કર્યું છે. 'સત્ય શોધકના કવિ'માં કવિ કાન્તનું શબ્દચિત્ર વણી આપ્યું છે. 'પ્રભુને પડકારતો કવિ'માં કૃષ્ણલાલ શ્રીધરાણીકૃત 'કોડિયાં'કાવ્યસંગ્રહમાં ઝીલાયેલી પ્રભુપ્રીતિનો નિર્દેશ આ નિબંધમાં જોવા મળે છે. આરંભમાં જ તેમના પ્રેમકાવ્યોમાં નિરૂપાયેલી ઉચ્ચ કોટિની રસિકતાની ચર્ચા કરી આપી છે. ત્યારપછી તેમના જીવન ઘડતરમાં રા.વિ.પાઠક, કાલેલકર, રવિન્દ્રનાથ વગેરેનો પ્રત્યક્ષ કે પરોક્ષ કેવો પ્રભાવ પડ્યો હતો તેની વાત પણ આ નિબંધમાં છે. નિબંધકારે કલાપીને 'પૃથ્વી પર ભૂલો પડેલો કવિફિરસ્તો'તરીકે ઓળખાવ્યો છે. આ લેખમાં કલાપીની કવિતામાં પ્રગટેલું વ્યક્તિત્વનું બયાન જોવા મળે છે. મણિલાલ અને કલાપી વચ્ચેના રસભીના સંબંધની વાત 'મીઠા સંબંધનો સમય રસભીનો'નિબંધમાં આલેખાયેલો છે. આ બંને સર્જકોના પરસ્પરના સંબંધને તેમની રોજનીશીનો યોગ્ય વિનિયોગ કરીને દર્શાવી આપ્યો છે. 'ગાંધીજીની સાહિત્યનિષ્ઠા'માં ગાંધીજીની સાહિત્ય માટેની અનન્ય નિષ્ઠા પ્રસ્તુત છે.

વિશ્વસાહિત્યના સર્જકોમાં 'કરુણાવતાર ટોલ્સ્તોય'માં તેમની કળાકૃતિઓનું રસદર્શન જોવા મળે છે. 'બંદૂકની ગોળી જેવા શબ્દો'માં હેમિંગ્વેને પોતાની બહેન સમજાવે છે અને તેના શબ્દો જીવનમાં ઉતારે છે. કોઈપણ કાર્યમાં ઉતાવળ ન કરવી તેને યોગ્ય સમય ફાળવો. એ જ હેમિંગ્વે પોતાની બંદૂકથી જ મૃત્યુ પામે છે તેની વાત આલેખાયેલી છે. યુગોસ્લેવિયાના 'મુત્સદ્દી નવલકથાકાર'માં આઈવો એન્ડ્રિક, 'તસ્કર નાટ્યકાર'માં ફ્રાન્સનો ઝયાં જીને, આધુનિક અમેરિકાનો શ્રેષ્ઠ હાસ્યકાર'માં જેમ્સ થર્બર, કલાની વેદી પર ઝૂઝતા ચિત્રકાર'માં જોન મિરોને નિબંધકારે સમભાવપૂર્વક સ્મર્યા છે. ટૂંકમાં આ નિબંધસંગ્રહમાં ધીરુભાઈએ વિભિન્ન દેશ અને કાળમાં થઈ ગયેલા પણ ઘણુખરું દેશકાળથી પર બનીને વિશ્વજનીન અસર પહોંચાડનાર

કેટલાક શબ્દસ્વામીઓ અને સંસ્કારપુરુષોની ઝાંખી કરાવવાનો ઉપક્રમ રાખ્યો છે. આ નિબંધસંગ્રહ સંદર્ભે પ્રસાદ બ્રહ્મભટ્ટ કહે છે કે, *“આ સંગ્રહના વીસ લેખોમાં સર્જકોના શબ્દચિત્રો મુખ્યત્વે તેમના મુખ્ય પ્રદાન સંદર્ભે અને જીવનના ઉલેખ્ખનીય પ્રસંગો સાથે આલેખ્યા છે. આ ચરિત્રોને રેખાચિત્રો કહી શકાય.”* [૧૮] આ પ્રકારનું તેમનું મંતવ્ય યથાર્થ લાગે છે.

## સંસ્કારમાધુરી

નિબંધકાર ધીરુભાઈ ઠાકરનો બીજો નિબંધસંગ્રહ ‘સંસ્કારમાધુરી’(૧૯૯૧)માં પ્રકાશિત થયો હતો. ધીરુભાઈ આરંભમાં જ જણાવે છે કે અહીં ઘટના, વ્યક્તિ કે ચિંતનકણને કેન્દ્રમાં રાખીને ધર્મતત્ત્વ, શિક્ષણ, સમાજ અને સાહિત્યને સ્પર્શતા પ્રશ્નોની જીવનસમગ્રના સંદર્ભમાં મુક્ત વિચારણા કરવાની ચેષ્ટા કરેલી છે. આ સંગ્રહમાં છેલ્લા ચારેક દાયકા દરમિયાન વિવિધ નિમિત્તે લખેલા લેખો છે. આનંદાશ્રિત તત્ત્વજ્ઞાન, શિક્ષણ અને સંસ્કારવિષયક ચોવીસ જેટલા લેખોને ધીરુભાઈએ ત્રણ વિભાગમાં વહેંચ્યા છે.

આ સંગ્રહનો પ્રથમ વિભાગ ‘આજની ઘડી રળિયામળી’માં ‘અમૃતધારા’માં વંચાયેલા તેર લઘુલેખો છે. ‘ખુશ રહો જેમાં ખુશી’ના પ્રથમ લેખમાં કવિ કલાપીની જાણીતી કાવ્યપંક્તિઓનો ઉલ્લેખ થયો છે. આપણી ખુશી આત્માની વીણામાંથી નીકળતું મધુર સંગીત બની રહોનું માધુર્યસભર ચિંતન અહીં વ્યક્ત થયેલું જોવા મળે છે. શ્રીકૃષ્ણ-ગોપીઓની પ્રેમલક્ષણાભક્તિનો ભાવકને રસાનુભવ કરાવે તેવો નિબંધ ‘યથા પિંડે તથા બ્રહ્માડ’બન્યો છે. ‘અવતાર’માં કૃષ્ણવતારનું અને ‘નવોન્મેષ’માં પ્રતિભાશાળી વ્યક્તિઓનું ચિંતન રજૂ થયું છે. અન્ય નિબંધોમાં ક્યાંક ‘વૃદ્ધત્વ’ની ચર્ચા છે તો ક્યાંક ‘બુદ્ધત્વ’ની, ક્યાંક ‘વસંત’ની વાત છે. વળી ‘શાશ્વતી’નિબંધમાં શાશ્વતીનો સાક્ષાત્કાર પણ જોવા મળે છે. નિબંધકારની ‘ઋતંભરા પ્રજ્ઞા’ની સમજ સ્પષ્ટ થાય છે તેમ સંસ્કારિતાની પારાશીશી સમાન ‘શૈલી’ની વિભાવના પણ વ્યક્ત થયેલી છે. ‘સહિષ્ણુતા’ને સમજવાની મથામણ અહીં જોવા મળે છે. આ સંગ્રહનો ધ્યાન ખેંચે તેવો નિબંધ ‘વૃદ્ધત્વ’ વિશેનો છે. જેમાં નરસિંહની કાવ્યપંક્તિ ‘ઘડપણ કોણે મોકલ્યું’થી નિબંધનો આરંભ થાય છે. ત્યારપછી વૃદ્ધોની દયનીય

દશાની વાતો, ભારત અને વિદેશમાં વૃદ્ધોની હાલતના વાસ્તવિક ચિત્રો આ નિબંધમાં આલેખાયેલા જોવા મળે છે.

આ નિબંધસંગ્રહનો બીજો વિભાગ 'અભિનવો આનંદ આજ' અંતર્ગત શીર્ષકલેખ સહિત છ લેખો પ્રાપ્ત થાય છે. 'નથડીમાંથી નાદબ્રહ્મ'માં કૃષ્ણભક્તિના અનેક પ્રેરક પ્રસંગોનું નિરૂપણ કર્યું છે. ગુજરાતમાં ભવાઈના માધ્યમ દ્વારા લોક રંજનનું કામ કરનાર અસાઈત ઠાકરના જીવન સંદર્ભની વાત 'ભણે અસાઈત ઠાકરો'માં કરી છે. સાથે અસાઈત ઠાકરના વ્યક્તિત્વનો પરિચય આપવાનું પણ ચૂક્યા નથી. નિબંધકારે 'પથ્થરનું રુદન'માં કાન્હડદે, 'પૂર્વજન્મની પ્રીત'માં કાન્હડદેના પુત્ર વીરમદે વિશે અને 'અભિનવો આનંદ આજ'માં મધ્યકાળનો જ્ઞાની કવિ અખાનું સ્મરણ, ઈટાલિયન વિદ્વાન પ્રો.તુચીને કેન્દ્રમાં રાખી કેટલાક પ્રસંગચિત્રોનું આલેખન કરી આપ્યું છે.

આ સંગ્રહનો ત્રીજો વિભાગ 'ટ્રેજડી: નાટકની કે શિક્ષણની ?'પર અવલંબિત છે. પાંચ લેખોના આ વિભાગમાં ચાર લેખ શિક્ષણના અનુસંધાનમાં છે. જેમાં 'ઉચ્ચ શિક્ષણનું પુર્નગઠન'માં શિક્ષણમાં કેટલાક પાયાના ફેરફારોનું સૂચન કરી આપ્યું છે. બાળ કેળવણીકાર ગિજુભાઈ બધેકાની વાત 'બાલશિક્ષણના આર્ષદ્રષ્ટા ગિજુભાઈ' નિબંધમાં કરી આપી છે. ગિજુભાઈએ બાળ શિક્ષણને અનુરૂપ કેટલીક શિક્ષણ પદ્ધતિઓની હિમાયત કરી હતી તેની ધીરુભાઈએ વિગતે સમજાવી આપ્યું છે. ઝીણાભાઈ દેસાઈને કેળવણીકાર તરીકે મૂલવવાનો પ્રયાસ 'સર્જક કેળવણીકાર'માં કર્યો છે. 'હોનહાર કારકિર્દીનો કરુણ અંત'માં નિબંધકારની સાથે મોડાસા કૉલેજમાં થોડો સમય અધ્યાપક તરીકે ફરજ બજાવી હતી તેવા તેમના સાથી મિત્ર ભૂપેશ અધ્વર્યુની કફોડી પરિસ્થિતિનો નિદર્શ કરી આપ્યો છે.

સમગ્ર નિબંધસંગ્રહમાંથી પસાર થઈએ છીએ ત્યારે ખ્યાલ આવે છે કે આ લેખોનું વાંચન બોજારૂપ ન બનતા નિબંધકાર ધીરુભાઈ ઠાકરની વિચારસરણીને પ્રગટાવી આપે છે. આથી જ પ્રસાદ બ્રહ્મભટ્ટ કહે છે કે, *"સંસ્કારમાધુરીમાં ત્રણ ભિન્ન ભિન્ન પ્રકારના લેખોનો ત્રિવેણીસંગમ થયો છે. બધા જ લેખો મુખ્યત્વે*

*ચિંતનાત્મક હોવા છતાં ભારઝલ્લા ન થાય એની લેખકે તકેદારી રાખી છે."* [૧૮] એવું તેમનું મંતવ્ય યોગ્ય લાગે છે.

## સત્સંગમાધુરી

નિબંધકાર ધીરુભાઈ ઠાકરનો ત્રીજો નિબંધસંગ્રહ 'સત્સંગમાધુરી' (૧૯૯૫)માં પ્રકાશિત થયો હતો. આ નિબંધસંગ્રહ સુપ્રભાતમ, અધ્યાત્મસાધના, શ્રીરામકૃષ્ણસ્મરણ, સારસ્વતસ્મરણ, સ્વજનસ્મરણ અને સત્સંગસ્મરણ એમ કૂલ છ વિભાગમાં વહેંચાયેલો અને સત્તાવીસ લેખનો સંગ્રહ છે. આ સંગ્રહમાં વિવિધ પ્રસંગે સધાયેલા સત્સંગનું ચિંતન, મનન, સ્મરણ અને આત્મકથનરૂપે વ્યાપક ફલક પર નિરૂપણ કરવાનો પ્રયત્ન તેમનો દેખાય આવે છે. અહીં અધ્યાત્મ, કલા, સાહિત્ય, શિક્ષણ એમ વિવિધ સ્તરનો સત્સંગ રજૂ થયેલો આપણે જોઈ શકીએ છીએ.

પ્રથમ વિભાગમાં દસ જેટલા લઘુ ચિંતનાત્મક લેખોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં 'બિરાજે હ્રદયકમલમાં' નામના લેખમાં મનુષ્યજીવનનું સાર્થક્ય અંતરમાં રહેલા હરિનો પરિમલ પામવામાં રહેલું છે તેની વાત માંડી છે. સંસારના વૃક્ષની ડાળના બે પંખીઓનું અદ્વૈત, સગુણનું નિર્ગુણમાં વિલોપન 'એક ડાળના બે પંખી'માં જૂએ છે. 'બ્રહ્માડ બ્રહ્મે પાથર્યું' નિબંધમાં પૃથ્વીથી બ્રહ્માડ સુધીના રહસ્યો શોધવાનો મનુષ્યના પુરુષાર્થને બિરદાવ્યું છે. માનવમૂલ્યોની કટોકટી આજની પેઢી દયનીય સ્થિતિ કેવી અનુભવી રહી છે તેની ચર્ચા 'માં નિષાદ'માં કરાઈ છે. માનવીનું વિવેકપૂર્ણ પુરુષાર્થનું મૂલ્ય 'ચરાતિ ચરતો ભગ:'માં સમજાવ્યું છે. 'સર્વત્ર સુખન સંન્તુ'માં નિબંધકારે ભારતીય સંસ્કૃતિની અસ્મિતાને ઉજાગર કરી આપી છે. વળી 'દર્પ અને દર્પણ' અને ' ગર્વ અને ગૌરવ' આ બે શબ્દો વચ્ચે રહેલા ભેદને સમજાવવાનો ઉપક્રમ રાખ્યો છે. આ સંગ્રહનો બીજો વિભાગ અધ્યાત્મસાધના વિશેનો છે. જેમાં સિકંદર, શૌનકનો પ્રસંગ અમૃતલાલ પઢિયારના લેખને આધારે આપ્યો છે. ઉપમન્યું અને જોશુંના પ્રસંગચિત્રોમાં નિબંધકારના ચિંતનશીલ મનનનો પરિચય આપણને મળી રહે છે.

શ્રીરામકૃષ્ણસ્મરણ વિભાગમાં પાંચ લેખોનો સમાવેશ કર્યો છે. આ લેખો શ્રીરામકૃષ્ણ પરમહંસને લગતા પ્રસંગો શ્રીરામકૃષ્ણ સેવા સમાજ દ્વારા પ્રકાશિત તેમના ચરિત્રને આધારે લીધા છે. જેમાં મોટા-ભાગે રામકૃષ્ણ અને નરેન્દ્રનાથ વચ્ચે બનેલા પ્રસંગોને પ્રત્યક્ષ કરી આપ્યા છે.

સારસ્વતસ્મરણ વિભાગમાં રા.વિ.પાઠક, ચંદ્રવદન મહેતા, જયભિખ્ખુ અને ડૉ.પ્ર.ચુ.વૈદ્ય સાથેના સંસ્મરણોને નિબંધકારે વાગોળી આપ્યા છે. 'ગાંધીયુગના સાહિત્યગુરુ'માં ધીરુભાઈએ પાઠક સાહેબ સાથેના એક દસકા લગીના સ્મરણોનું આલેખન કરી આપ્યું છે. ચંદ્રવદન મહેતાનું આગમન ગુજરાતી નાટક અને રંગભૂમિના વિકાસમાં કેવું અનોખી ઘટના બની રહે છે તેની વાત 'ગુજરાતી સાહિત્યનું સુખદ આશ્ચર્ય'માં કરી છે. 'મોરના પિચ્છધરનો વંશજ'માં નવલકથાકાર તરીકેની જયભિખ્ખુની લાક્ષણિકતાઓ છતી કરી છે. સ્વજનસ્મરણ વિભાગમાં 'વિશ્વકોશના વિધાતા' અને 'ખરે, તે દિવસો ગયા'માં અનુક્રમે સાંકળચંદભાઈ અને માતા-પિતા સાથેના સંસ્મરણોને જીવંત કર્યા છે.

## અંગત-બિનંગત

નિબંધકાર ધીરુભાઈ ઠાકરનો ચોથો નિબંધસંગ્રહ 'અંગત-બિનંગત' (૧૯૯૮)માં પ્રકાશિત થયો હતો. જેમાં છેલ્લા બે વાર્તાલાપોને બાદ કરતાં આ સંગ્રહમાં કુલ સત્તર નિબંધો ગ્રંથસ્થ થયા છે. જેમાં સાત અંગત અને દસ બિનંગત ઢબે કરેલા લખાણો અહીં જોવા મળે છે. ગંભીર ચિંતન ઉપરાંત સ્મૃતિચિત્ર, વ્યક્તિચિત્ર, સ્થળચિત્ર, પ્રસંગચિત્ર અને પ્રવાસ એમ વિભિન્ન પ્રકારના વિષય વૈવિધ્યથી આ નિબંધસંગ્રહ સમૃદ્ધ બન્યો છે. ખાસ તો આ નિબંધસંગ્રહમાં બાળપણના સ્મરણો, સ્વતંત્રતાની લડતમાં ભાગીદારી અને વૃદ્ધત્વને માણવાની વાત જેવા વિષયભાવ આ સંગ્રહમાં જોવા મળે છે.

આ સંગ્રહનો પ્રથમ નિબંધ 'ફૂલ' છે. જેમાં નિબંધકાર ધીરુભાઈ ઠાકરે ફૂલની કોમળતા વિશે વાત કરી છે. પુષ્પો પ્રભુના અસ્તિત્વનો સાક્ષી છે. પુષ્પોના સાંન્નિધ્યમાં ભગવાનનું સાંન્નિધ્ય પામી શકાતું તેઓ

જૂએ છે. ‘ફોરમ’નામના નિબંધમાં ફોરમને અંતસ્તત્ત્વના રમણીય નિષ્કર્ષ તરીકે તેઓ ઓળખાવે છે. ફોરમ રેલાય તે માટે ફૂલનું નિચોવવું અનિવાર્ય તેઓ માને છે.

આ સંગ્રહનો ઉત્તમ નિબંધ ‘વૃદ્ધત્વ માણું છું’ તે છે. નિબંધકાર એંશી વર્ષનું આયુષ્ય વટાવી ભૂતકાળ તરફ નજર ફેરવે છે. ત્યારે પોતાના બાળપણના સ્મરણો, કોડીનાર, ધાંટવડ, ચાણસ્મા અને સિદ્ધપુરમાં કરેલો અભ્યાસ, મિત્રો, શિક્ષકોએ પાડેલો પ્રભાવ, મુંબઈ, અમદાવાદ અને મોડાસા કૉલેજમાં પોતાની વિદ્યાકીય અને અધ્યાપકીય સફરને સતેજ કરી આપી છે. વૃદ્ધત્વની વિશેષતા જણાવતા તેઓ જણાવે છે કે, *“સ્મરણના રસનો પ્રત્યક્ષ અનુભવ અને આસ્વાદ તો વૃદ્ધાવસ્થાએ જ કરાવ્યો. હળવા, ગંભીર, ખાટામીઠા, સારામાઠા એમ બધા પ્રકારના પ્રસંગો સ્મરણના રસમાં ઓગળીને શુદ્ધ આનંદનો અનુભવ કરાવે છે.”* [20] ‘થોડું અંગત, થોડું બિનંગત’માં નિબંધકારે ૧૯૯૪ના રણજિતરામ સુવર્ણચન્દ્રક સ્વીકાર વખતે અપાયેલું વ્યાખ્યાન છે. અહીં ધીરુભાઈએ પોતાના ઘડતરમાં રહેલા અનેકવિધ વ્યક્તિઓના પ્રદાનને સમૃતિપટ પર જીવંત કર્યા છે. ખાસ તો આ નિબંધમાં તેમણે અધ્યાપન કાર્યની સાથે જે સાહિત્ય સર્જન કર્યું અને જીવનની ઢળતી સંધ્યાએ વિશ્વકોશનો પ્રકલ્પ હાથ પર લીધો તે વાત કેન્દ્રસ્થાને રહી છે. બેતાળીસની લોકક્રાંતિની વાત ‘બેતાળીસના સ્મરણો’માં કરાઈ છે. નિબંધકારે અમદાવાદની ગુજરાત કૉલેજમાં અધ્યાપક હતા ત્યારે વિદ્યાર્થીઓને બચાવવા જતાં એક ગોરા અંગ્રેજ અધિકારીના બેટનનો ભોગ બન્યા હતા તે વાત આલેખી છે. ત્યારપછી તેમનો રાષ્ટ્રીય જૂસ્સો ઉગ્ર બને છે. આ નિબંધ વાંચતા વાચકો બેતાળીસની ક્રાંતિના ભાગીદારી હોય તેવી શૈલીમાં આખા નિબંધની રજૂઆત થયેલી જોવા મળે છે. ધીરુભાઈનો પુસ્તક સાથેનો પ્રેમ ‘રસભીનો સંબંધ’માં રજૂ થયો છે. નિબંધકારે બાળપણ, શાળા-કૉલેજમાં વાંચેલા પુસ્તકો અને તેની તેમના પર શી અસર થઈ તેનું વર્ણન કરી આપ્યું છે. પોતાના જીવનમાં પુસ્તકોનું મહત્ત્વ જણાવતા તેઓ કહે છે કે, *“ઉત્તરવયમાં પુસ્તકો પ્રેમાળ સાથીની ગરજ સારે છે. જીવનસંધ્યાનો પ્રેમથી સત્કાર કરવાનો મિજાજ બાંધી આપે છે. એટલે આરંભમાં જ મેં કહ્યું ને કે મારે માટે પ્રત્યેક નવું પુસ્તક કશોક નવો રોમાંચ લઈને આવે છે. ક્વચિત્ તે જીવનનો પર્યાય બનીને આવે છે.”* [21] આ નિબંધમાં લેખકની વાંચનભૂખનો એક આગવો મિજાજ

પ્રગટ કરે છે. ગુરુ-શિષ્યનો લાગણીમય સંબંધ 'મારી પ્રવાસ-ડાયરીનું એક પાનું'નામના નિબંધમાં વ્યક્ત થયો છે. ધીરુભાઈ ઠાકર લંડન હતા ત્યારે એક વિદ્યાર્થીનો જે લંડનમાં રહેતો હતો તેનો ફોન આવે છે. તે તેમને બ્રાઇટનની સફર કરાવે છે અને મોડાસાના અતીતના સંસ્મરણોમાં ખોવાઈ જાય છે તેની વાત કરી છે. અંતમાં જણાવે છે કે, *"અતીત સાથે આટલી રોમાંચક રીતે જોડી આપતો આવો સુખદ અકસ્માત તો કદાચ શિક્ષકના જ જીવનમાં જોવા મળે.*[૨૨]

'અહો કષ્ટ વિદ્યા'માં પોતે ગુજરાત કૉલેજમાં અધ્યાપક તરીકે કાર્યરત હતા ત્યારના સાથી અધ્યાપક મિત્રો સાથેના સ્મરણોને આલેખી આપ્યા છે. 'ગુજરાત કૉલેજ: એક ઝલક'માં ગુજરાત કૉલેજ શૈક્ષણિક કાર્યની સાથે રાજકીય અને સાંસ્કૃતિક જાગૃતિનું કેવું એક મહત્ત્વનું કેન્દ્ર બની રહ્યું હતું તેની પ્રવૃત્તિઓનું અવલોકન કરી આપ્યું છે. આ કૉલેજમાં નાટ્ય-સંગીતમંડળના ઉપક્રમે ચાલેલા નાટ્યપ્રયોગોને બિરદાવ્યા છે. અમદાવાદનો ઈતિહાસનું નિરૂપણ કરતો નિબંધ 'અદ્વિતીય અમદાવાદ' બન્યો છે.

આ સંગ્રહના સાત નિબંધોમાં સર્જક, વિવેચક, અધ્યાપક અને શિક્ષકના વ્યક્તિત્વ વિશે વાત માંડી છે. 'પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજી'માં સુખલાલજીએ પાંચ દાયકા સુધી જ્ઞાન-વિતરણ કરી સમગ્ર દેશમાં સન્નિષ્ઠ અને સૌજન્યભર્યા વ્યક્તિત્વની મીઠી સુવાસ ફેલાવી હતી તેની ચર્ચા કરી આપી છે. મુનિ જિનવિજયજી સાધુ-સંશોધકની યશસ્વી વિદ્યાયાત્રાનો પરિચય 'પદ્મશ્રી મુનિ જિનવિજયજી' નિબંધમાં મળે છે. 'સ્વ.રસિકલાલભાઈ: કેટલાક સ્મરણો'માં પીઢ વિચારક અને બહુશ્રુત વિદ્વાન તરીકે ધીરુભાઈ પર જે દ્રઢ છાપ પાડી હતી તેનું નિરૂપણ કરી આપ્યું છે. પ્રો.વિષ્ણુપ્રસાદ ત્રિવેદીની વિવેચક સજ્જતાને 'અભિજાત સાક્ષરતા'માં બિરદાવી આપી છે. વજુભાઈ દવેએ એક કુશળ શિક્ષક તરીકે જે માનભર્યું સ્થાન પ્રાપ્ત કર્યું હતું તેની વાત 'ચેતનની ખેતીના કુશળ કસબી' નિબંધમાં જોવા મળે છે. આજ પ્રમાણે નિબંધકારે બચુભાઈ રાવત અને રમણીક અરાલવાળા સાથેના સંસ્મરણોને જીવંત કરી આપ્યા છે.

આ નિબંધસંગ્રહના છેલ્લા બે પ્રકરણો પૈકી એકમાં ધીરુભાઈએ શ્રી શ્રેણિકભાઈ કસ્તુરભાઈની મુલાકાત લીધી હતી તેની પ્રશ્નોત્તરી અને બીજામાં ચંદ્રકાન્ત શેઠે ધીરુભાઈ ઠાકર સાથે કરેલી પ્રશ્નોત્તરી છે. આ પ્રશ્નોત્તરીમાં ખાસ તો ‘વિશ્વકોશ’ના મુખ્ય સંપાદક ધીરુભાઈની વિશ્વકોશપ્રવૃત્તિ વિશેની છણાવટ મળી રહે છે.

સમગ્ર નિબંધસંગ્રહમાંથી પસાર થતા મોટા-ભાગે તેમાં નિબંધકારના અતીતના સંસ્મરણો મળી રહે છે. આમ, છતાં અનેકવિધ વિષયોના કારણે આ નિબંધસંગ્રહ સમૃદ્ધ બન્યો છે. આ નિબંધસંગ્રહ પરત્વે ડૉ.નલિની હ.દેસાઈ જણાવે છે કે, *“સમગ્ર પુસ્તક વાંચતા એમ લાગે કે તેમાં સંસ્મરણોનું આલેખન વિશેષ થયું છે. થોડાક પ્રકરણોને બાદ કરતાં તે સ્મરણકથા બની જાય તે પ્રકારનું પુસ્તક છે.”* [૨૩] આવું તારણ નિબંધકારનું ઉચિત ઠરે છે.

## પત્રમાધુરી

ગુજરાતી પત્રસાહિત્યનું અન્ય સાહિત્યના મુકાબલે તેનું ખેડાણ અલ્પ રહ્યું છે. ત્યારે ધીરુભાઈ ઠાકર ‘પત્રમાધુરી’ (૨૦૦૨)માં પ્રકાશિત કરી પત્રસાહિત્યમાં અમૂલ્ય પ્રદાન કરે છે. આ સંગ્રહમાં ધીરુભાઈએ છેલ્લા છએક દાયકા દરમ્યાન તેમના પર લખાયેલા પત્રોમાંથી કેટલાક પસંદ કરી આપી ગ્રંથસ્થ કર્યા છે. જેમાં સાહિત્ય સાથે નાતો ધરાવનાર એવા ૩૭જેટલા મહાનુભવે લખેલા પત્રોનો આ સંચય છે. આ પત્રોની વિશેષતા એ બની રહે છે કે દરેક પત્રમાંથી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે નાનો-મોટો સાહિત્યનો મુદ્દો ઉપસે છે અને કયાંક અભ્યાસીને માર્ગદર્શનરૂપ બને તેમ છે. વળી કયાંક તેમણે સચવાયેલા પત્રોની હસ્તલિખિત નકલ પણ મૂકી આપેલ છે. લેખકના સાહિત્ય અને વ્યક્તિત્વ પરત્વે ઘણી બાબતોના ખુલાસા તેણે એકબીજા પર લખેલા પત્રોમાંથી મળી આવે છે. વળી ઘણીવાર લેખક વ્યક્તિત્વ અને સર્જન ઉભયને સમજવા સારું યોગ્ય સાધન આ પત્રો પૂરું પાડે છે. જેનો આપણે વિગતે અભ્યાસ કરીએ.

બ.ક.ઠાકરના પત્રો ધીરુભાઈના ઘડતરકાળ દરમિયાન અને અધ્યયન-સંશોધનમાં શી રીતે મદદરૂપ બન્યા તેના પર પ્રકાશ પાડે છે. વળી બ.ક.ઠાકરનો ગુજરાત, ગુજરાતીઓ અને સમકાલીન સાહિત્યકારો વિશેના નિખાલસ અભિપ્રાય જોવા મળે છે. પ્રો.ઠાકોરના વ્યક્તિત્વના અંતરંગનો પણ અણસાર આ પત્રોમાંથી પ્રાપ્ત થાય છે. બ.ક.ઠાકોરની કામ પ્રત્યેની ખંત, શ્રમ, નિષ્ઠા, ઝીણવટ અને કોઠાસૂઝ એમનામાં કેવી હતી તેની જાણ આ પત્રો આપણને કરાવે છે. રા.વિ.પાઠક પરના પત્રો મોટાભાગે ધીરુભાઈના પીએચ.ડીના સંશોધન કાર્યને લગતા માર્ગદર્શનરૂપ બન્યા છે. પાઠકસાહેબનું સાન્નિધ્ય અનેક રીતે ધીરુભાઈને પ્રેરક બન્યું હતું તેની ઝાંખી આ પત્રો કરાવે છે. સાહિત્યની સમજમાં દ્રષ્ટિની વિશાળતા અને વિવેચનમાં તટસ્થતા કેળવવાની નિબંધકારને મળી તે આ પત્રો વાંચતાં ખ્યાલ આવે છે. અંબુભાઈ પુરાણીએ મણિલાલ દ્વિવેદીના પોતે લખેલા ચરિત્ર વિશે ખુલાસારૂપ લખેલો પત્ર ૧૯૨૯-૩૦માં મણિલાલની આત્મકથા પ્રગટ કરવા માટે કરેલ ઊહાપોહનું સ્મરણ કરાવે છે. અહીં મૂકેલો માનશંકર પી.મહેતાનો પત્ર પણ એ સમયની તત્કાલીન સમાજ અને શિક્ષણની પ્રથા વિશે માહિતી આપે છે. આ પત્ર અંબુભાઈએ અને બલવંતરાયે કરેલી તે નોંધ સહિત આખો પત્ર અહીં ઉપલબ્ધ છે. શ્રી શંકરપ્રસાદ છ.રાવળના પત્રો મણિલાલ વિશેના સંશોધનકાર્ય અંગેના કેટલાક મહત્ત્વના અંશો સાંપડે છે. પ્રો.વિષ્ણુપ્રસાદ. ત્રિવેદી સાથે ધીરુભાઈને લગભગ ચાર દાયકા સુધી પત્રવ્યવહાર ચાલ્યો હતો. તેમાંથી અમુક પત્રો અહીં મૂક્યા છે. આ પત્રો કોઈ પુસ્તક, સિદ્ધાંત કે સાહિત્યિક વહેણ-વલણની ટૂંકી પણ માર્મિક ચર્ચા કરતાં છે. વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદીના દરેક પત્રમાં કશુંક નવું, માર્મિક અને રસલક્ષી અભિગમ ધરાવતું નિરીક્ષણ પ્રાપ્ત થાય છે. મહાનિબંધની ગૌણ નીપજરૂપે મણિલાલના બે માસિક પત્રો ‘પ્રિયંવદા’(૧૮૮૫-૧૮૯૦)અને ‘સુદર્શન’(૧૮૯૦-૧૮૯૮)માં પ્રગટ થયેલા લખાણોની, પ્રત્યેક લેખ વિશે વિવેચનાત્મક નોંધ સહિત સૂચિ તૈયાર કરેલી તેની હસ્તપ્રત તપાસી તેના નિરીક્ષણો ઉમાશંકર જોશીના પત્રવ્યવહારમાં ફલિત થાય છે. પૂજ્ય શ્રી મોટાના પત્રો ધીરુભાઈએ સંતની પ્રસાદીરૂપે સંઘરી રાખેલા. આ પત્રમાં પ્રગટ થતું એ પવિત્ર પુરુષના સ્વભાવનું સરલ સદ્‌ભાવથી છલકતું માધુર્ય સ્પર્શી જાય તે રીતે ઝીલાયેલું  જોવા મળે છે. ઠાકરસાહેબને ૧૯૬૦થી ૧૯૯૦ સુધી ચન્દ્રવદન

ચી.મહેતા સાથે પત્રવ્યહાર ચાલ્યો હતો. નાટ્યપ્રયોગ, નાટ્યશિક્ષણ, નાટ્યપરીક્ષણ, નાટ્યતાલીમ અને યુવકમહોત્સવ જેવી પ્રવૃત્તિઓને લગતા આ પત્રો છે. જે તેમના ઉષ્માભર્યા પણ વિલક્ષણ વ્યક્તિત્વના દ્યોતક બન્યા છે. ડૉ.ટી.એન.દવેના મોટાભાગના પત્રો લંડનની સ્કૂલ ઑફ ઓરિયેન્ટલ એન્ડ આફ્રિકન સ્ટડીઝમાં ચાલતા તેમના ભાષાકીય સંશોધનની માહિતી આપે છે. સાથે પચાસ વર્ષ પહેલાના ગુજરાત કૉલેજના વાતાવરણ સાથે તે વખતની સરકારી નોકરીની વિષમતાનો પણ નિદર્શ કરી આપે છે. શ્રી ભોગીલાલ જ.સાંડેસરા અને હિરાબહેન પાઠકના પત્રો ધીરુભાઈએ લખેલ 'મણિલાલ નભુભાઈ: જીવનરંગ'ચરિત્રના પ્રસન્નતા દર્શાવતા પત્રો છે. આ પત્રોમાં તેમની બહુશ્રુતતા અને નિરાડંબરી વિદ્વતા ઉપરાંત સ્નેહભરી સુજનતા દેખાય આવે છે. ધીરુભાઈ ઠાકરે તૈયાર કરેલ 'જ્ઞાનસુધા'અને 'સમાલોચક'ની સ્વાધ્યાય અને સૂચિની વખાણ કરતો પત્ર કાંતિલાલ બ. વ્યાસનો છે. શ્રી ભૃગુરાય અંજારિયાનો એક માત્ર પત્ર તેમની સજ્જતા અને સન્નિષ્ઠાનો અવશ્ય અણસાર આપે તેમ છે. ધીરુભાઈ ઠાકરનો પુત્ર ભરત 'ડાહ્યાભાઈ ધોળશાજી'વિશે મહાનિબંધ તૈયાર કરતાં હતા તેને માર્ગદર્શનરૂપ મૂકાયેલો પત્ર જયંતિ દલાલનો છે. હરગોવિંદ પ્રેમશંકર ત્રિવેદીની ગીતરચનાનો ઉલ્લેખ કરીને બલુકાકાએ તેમની એક રચના પોતાને નામે ચડાવ્યાની વાત અને તેમના વિશે ન બોલવાની વિનંતી કરતો પત્ર શ્રી મુકુન્દરાય પારાશર્યનો છે. સંનિષ્ઠ સર્જકોની સાહિત્યક્ષેત્રે થતી ઉપેક્ષા વિશેની ફરિયાદ નાથાલાલ દવેના પત્રોમાં જોવા મળે છે. કસ્તૂરભાઈના જીવનચરિત્રની ઝાંખી અને ચિનુભાઈ બેરોનેટનું ચરિત્ર પણ આ પદ્ધતિએ લખાય એવી ઈચ્છા દર્શાવતા પત્રો યશોધર મહેતાના છે. ત્રિભુવન હેમાણીના પત્રોમાં ધીરુભાઈ ઠાકરના સાહિત્યના ઈતિહાસમાં અધ્યાત્મલેખનની અમુક ખૂટતી કડી તરફ ધ્યાન દોર્યું છે. 'આત્મનિમજ્જન' શીખવતી વખતે કાવ્યના પોતાને ઉપસી આવેલ અર્થની ચર્ચા જયંત કોઠારીના પત્રવ્યવહારમાં જોવા મળે છે. ભૂપેશ અધ્વર્યૂના પત્રો ભૂપેશના માનસ અને વ્યક્તિત્વ પર પ્રકાશ પાડે છે. ભાઈલાલ કોઠારીનો પત્ર સાહિત્યના ઈતિહાસમાં ઉમેરણનું સૂચન કરે છે. ધીરુભાઈ અને અનામી પરના પત્રવ્યવહારમાં મણિલાલ પરકાયાપ્રવેશની વિદ્યા જાણતા હતા એવા ભ્રમ પર આધારિત કિંવદતીને ઘટનારૂપે એક લેખકે ઘટાવેલી તે અંગે પૃચ્છા છે.

અહીં પ્રકીર્ણમાં આઠ પત્રોનો સમાવેશ કર્યો છે. જેમાં શ્રી અમીધર ભટ્ટ, શ્રી બળવંતરાય ઓઝા, શ્રી સી.આર.પટેલ અને ગિ.મૂ.આચાર્યના પત્રો મણિલાલ દ્વિવેદીના આત્મવૃત્તાંતના પ્રતિભાવો અંગેના છે. પછીના બે પત્રો સાહિત્યના ઈતિહાસ વિશેના છે. શ્રી કોદરભાઈ પટેલને તેમના પ્રિય લેખક દેવશંકર મહેતાનો અર્વાચીન ગુજરાતી સાહિત્યમાં સમાવેશ નથી કર્યો તે અંગેની ફરિયાદ કરતો પત્ર શ્રી ઘનશ્યામનો 'સાંપ્રત સાહિત્ય' વિશેનો પ્રતિભાવ આપતો પત્ર છે. છેલ્લો પત્ર 'શાપસંભ્રમ'ના કવિ ન.પ્ર.ભટ્ટના ભત્રીજા શ્રી મુનિરાય ભટ્ટનો છે. જેમાં મૂકેલી વિગતો સાહિત્યના અભ્યાસીઓને ઉપયોગી થાય તેવી છે.

'A Bunશ્ર Of Literarદ્ર Letterં ' તરીકે ઓળખાયેલી સંપાદક ધીરુભાઈ ઠાકરની 'પત્રમાધુરી' ગુજરાતી પત્રસાહિત્યમાં આગવું સ્થાન પ્રાપ્ત કરે છે. આ પત્રોની ભાષા સરળ, ઉષ્માભરી અને અનૌપચારિક શૈલીને કારણે રસપ્રદ બન્યા છે. અહીં સમાવેશ પામેલ પત્રોમાં શ્રી ઉમાશંકર જોશી, બળવંતરાય ઠાકોર, પૂજ્ય શ્રી મોટા અને નગીનદાસ પારેખના પત્રો ઉત્તમ કોટિના બન્યા છે. ઉપરાંત રા.વિ.પાઠક, અંબાલાલ પુરાણી, ટી.એન.દવે, કાંતિલાલ વ્યાસ, જયંતિ દલાલ, જયંત કોઠારી, ભૂપેશ અધ્વર્યુ જેવા સર્જકોના પત્રો તેમના વ્યક્તિત્વના અનેક પાસાંને ઉજાગર કરી આપે છે. ખાસ તો ધીરુભાઈએ આ પત્રસંચય આત્મરતિથી પ્રેરાઈને નહીં પણ કેવળ સાહિત્યપ્રીત્યર્થ પ્રગટ કરવાના ઉદ્દેશ્યમાં રહેલો છે. આ પત્રોમાં સચવાયેલી વિગતો કાળના પ્રવાહમાં લૂપ્ત થાય તે પહેલા સાચવી લેવાનો પ્રયાસ ધીરુભાઈએ આ 'પત્રમાધુરી' દ્વારા કર્યો છે.

## સફરમાધુરી

નિબંધકાર ધીરુભાઈ ઠાકરનો 'સફરમાધુરી'(૨૦૦૪)માં પ્રકાશિત થયેલો છઠ્ઠો પ્રવાસનિબંધ સંગ્રહ છે. ચોવીસ જેટલા નિબંધોમાં વહેંચાયેલો આ સંગ્રહ છે. ધીરુભાઈએ મે ૧૯૭૫ના એપ્રિલમાં સૌપ્રથમ વાર વિદેશગમન કરેલું. તે વખતે તેમણે લંડન, અમેરિકા અને કેનેડાનો પ્રવાસ કરેલો. ત્યાંથી પાછા લંડન આવ્યા બાદ યુરોપની સોળ દિવસની સફર કોસમોસ કંપનીમાં સી-કોચ ટૂરમાં કરી હતી. સફરના આ સો દિવસના અનુભવનું વર્ણન તેમણે 'સફર સો દિવસની' એ પુસ્તકમાં કર્યું હતું. ધીરુભાઈ ત્યારપછી બીજીવાર ૧૯૮૩

અને ત્રીજીવાર ૧૯૯૩માં લંડન ગયેલા તેની ડાયરી રાખેલી. આ સંગ્રહમાં 'સફર સો દિવસની'માંથી થોડુંક કાલાતીત લખાણ બાદ કરીને 'સફરમાધુરી'પુસ્તક આપણી સમક્ષ મૂકી આપ્યું છે. ધીરુભાઈએ વિદેશમાં કરેલી સફરની વાત કશોક આનંદ માણવાના લોભે નિબંધકારે મૂકી આપી છે. આ પ્રવાસનિબંધમાં બે બાબતો ધ્યાન ખેંચે છે. એક તો ધીરુભાઈએ ત્યાં જોયેલી કેટલીક શિક્ષણસંસ્થાઓ અને બીજી થિયેટરો, મ્યુઝિયમ અને શોસ છે. નટો, નાટકો અને નાટ્યસંસ્થાઓ, શિક્ષણ અને કલાના ક્ષેત્રોને લગતી વિગતો તત્કાલ ઉપલબ્ધ તદ્વિષયક સાહિત્યને આધારે ધીરુભાઈએ મૂકી આપી છે. પૂરા ત્રણ મહિનાના અંતે ઓગષ્ટ તેઓ ભારત પાછા આવ્યા ત્યારે વિદેશપ્રવાસમાં તેમણે જે અનુભવ્યું, જાણ્યું અને માણ્યું તેનું અહીં રસિક શૈલીમાં નિરૂપણ કરી આપ્યું છે. જેનો વિગતે જોઈએ.

આ પ્રવાસનિબંધનો પ્રથમ નિબંધ 'રાત્રિ વિનાનો દિવસ' છે. જેમાં નિબંધકારે મુંબઈથી લંડન જવા પ્રયાણ અને વચ્ચે દુબઈ, રોમ, પેરિસ અંતે લંડનના હીથ્રો એરપોર્ટ પર ઉતર્યા ત્યાં સુધીના પ્રવાસ અનુભવોને વાગોળી આપ્યા છે. આ વિદેશપ્રવાસનો તેમનો મુખ્ય હેતુ ત્યાંની કેટલીક યુનિવર્સિટીઓ, કૉલેજો, શિક્ષણપદ્ધતિઓ અને પરીક્ષા વિશે જાણવાનો હતો. આથી તેમણે લંડન નિવાસ દરમિયાન બ્રિટિશ કાઉન્સિલ તરફથી ઑક્સફોર્ડ યુનિવર્સિટી, કેમ્બ્રીજ યુનિવર્સિટી, લંડન યુનિવર્સિટી અને બ્રૂનલ યુનિવર્સિટીની લીધેલી મુલાકાતની વાત છેડી છે. આ બધી યુનિવર્સિટીઓની મુલાકાત દરમિયાન ધીરુભાઈએ યુનિવર્સિટીઓની મુખ્ય કામગીરી, યુનિવર્સિટીનું બંધારણ, અભ્યાસક્રમો અને યુનિવર્સિટીના સત્તામંડળો વગેરેનું નિરૂપણ એક નિબંધકારના હેસિયતથી રજૂ કરી આપ્યું છે. ઑક્સ્ફોર્ડ યુનિવર્સિટીની મુલાકાત 'વતનની લગન' નિબંધમાં છે. આ યુનિવર્સિટી સાથે સંલગ્ન કૉલેજોની સ્થાપનાનો ઈતિહાસ, બાંધણી ને સેટ-અપથી નિબંધકાર પ્રભાવિત થાય છે. તેમ છતાં ઑક્સ્ફર્ડ અંગે ધીરુભાઈ માને છે કે, *"શિક્ષણપદ્ધતિ અને પરીક્ષા લેવાનો કાર્યક્રમ જૂની પ્રણાલી અનુસાર ઑક્સ્ફર્ડમાં ચાલે છે."* [૨૪] આ યુનિવર્સિટીની મુલાકાતમાં તેમને પંજાબનો એક હરબંસલાલની મળી ગયો હતો. તેની સાથેની વાતચીતથી તેની વતનમાં પાછા ફરવાની તીવ્ર લગન નિબંધકારે માર્મિક શૈલીમાં આલેખી આપી છે. લંડન પ્રવાસનો હેતુ ત્યાની ઉચ્ચ શિક્ષણની વ્યવસ્થા સમજવા

અને બ્રિટનમાં પોલિટેકનિક સંસ્થાઓમાં યોગ્ય લાયકાત ધરાવતા વિદ્યાર્થીઓને રોજગારીની તકો પૂરી પાડે છે તેની માહિતી આ પુસ્તકમાંથી આપણને મળી રહે છે. નિબંધકારે અમેરિકામાં પ્રો.બાર્નહીલ સાથે હાવર્ડ, યેલ, બ્રાઉન અને કોલંબિયા જેવી યુનિવર્સિટીઓની સાથે લૉ સ્કૂલ, સ્કૂલ ઑફ ઈન્ટરનેશનલ એર્ફર્સ, સ્કૂલ ઑફ બિઝનેસ મેનેજમેંટ, સ્કૂલ ઑફ ફિઝીકસ, ટીચર્સ કૉલેજ સાથે દરેકની લાઈબ્રેરી, કમ્પ્યુટર સેન્ટર, મિડલ ઈસ્ટ સ્ટડીઝ સ્ટુડન્ટ્સ લાઉન્જ એમ જુદા જુદા કેન્દ્રોની લીધેલી મુલાકાત ધ્યાન ખેંચે છે. અમેરિકામાં ઘણી લેભાગુ યુનિવર્સિટીઓ છે. અહીં પણ નિબંધકારે વિવિધ સંસ્થાઓની માહિતી આપી મહત્ત્વની બાબતો પર પ્રકાશ પાડ્યો છે.

નિબંધકારે વિદેશપ્રવાસમાં ઈંગ્લેન્ડ અને અમેરિકામાં કેટલાક ઉત્તમ નાટ્યપ્રયોગો જોયા અને માણ્યા હતા તેનું નાટ્યાત્મક રીતે આલેખન કરી આપ્યું છે. રૉયલ શેક્સપિયર કંપની તરફથી શેક્સપિયરના ‘હેમલેટ’, ‘હેન્રી ધ ફોર્થ પાર્ટ વન’, ધી મેરી વાઈવ્ઝ ઑફ વિન્ડસર’અને ‘હેન્રી ધ ફોર્થ પાર્ટ ટુ’ જેવા નાટકોને મનભરીને જોયા હતા તેનું નિરૂપણ ‘શેક્સપિયરની પ્રથમ મુલાકાત’ નામના નિબંધમાં જોવા મળે છે. આ ઉપરાંત ‘હાન્સ એન્ડરસન’ અને ‘જિસસ ક્રાઈસ્ટ સુપરસ્ટાર’જેવા સંગીતનાટકો વળી શેક્સપિયરનું ‘લવ્ઝ લેબર લોસ્ટ’, ઈબ્સનનું ‘હેકા ગેબ્લર’, ક્રિસ્ટીનું ‘માઉસટ્રપ’અને આર્થર મિલરનું ‘ડેથ ઑફ એ સેલ્સમેન’ બ્રોડવેનું એક પ્રતિનિધિ નાટક ‘એ રેઝીન ઈન ધ સન’ વગેરે નાટ્યપ્રયોગોના અનુભવોને વાગોળી આપ્યા છે. લંડનમાં બેકર સ્ટ્રીટ પર આવેલું ‘માદામ તુશોનું’ કલાપ્રદર્શનની લીધેલી મુલાકાત ‘માટી, મીણ અને માનવી’ નિબંધમાં જોવા મળે છે. આ પ્રદર્શનમાં બનાવેલ મીણના પૂતળાઓની કલાકૃતિઓને વખાણી છે. માટી, મીણ અને માનવીની બનેલી આ પાર્થિવ કલાનું પ્રદર્શન રસિક શૈલીમાં નિબંધકાર ધીરુભાઈએ આલેખી આપ્યું છે. ‘સમયની શીશીમાં સરકતીસંસ્કૃતિ’માં બ્રિટિશ મ્યુઝિયમની ખાસિયતો પોતાની આગવી શૈલીમાં નિરૂપી આપી છે.

નિબંધકાર ધીરુભાઈ ઠાકરે યુરોપની સોળ દિવસની યાત્રા એકલી કરી હતી. લંડનથી ટ્રેનમાં ડોવર, ઓસ્ટેન્ડ, બ્રસેલ્સ, કોલોન, વિયેના, વેનિસ, ફલોરેન્સ, રોમ, પિસા, લેઈક લ્યુસર્ન, નીસ, બેલફોર્ટ અને પેરિસ

જેવા સ્થળોએ પ્રવાસ કરેલો. યુરોપ પ્રવાસમાં તેમણે ત્યાંના શિલ્પ, સ્થાપત્ય અને ચિત્રકળા વગેરેનું આબેહૂબ આલેખન પ્રાપ્ત થાય છે. લીઓનાર્દો દ વિંચી, માઈકેલેન્જેલો, રાફાએલ, આન્દ્ર મોટરેન, વરોઝ વગેરે કલાકારોના ચિત્રો વિશે ઊંડી માહિતી અહીં આપણને સાંપડે છે. રોમની કલા અને સંસ્કૃતિની અઢળક સંપત્તિ નિબંધકારે 'રોમહર્ષણ રોમદર્શન'નિબંધમાં કહી છે. આ ઐતિહાસિક નગરીના દેવળો, પ્રાસાદો, ધારાગૃહો, ચોકઠા, નાટ્યગૃહો, શિલ્પો, રોમન સંસ્કૃતિના જર્જરિત અવશેષો, ઉદ્યાનો, ફુવારા અને જે-તે મહાપુરોષોના સ્મારકો વગેરેનું ઝીણવટભર્યું અવલોકન મળી રહે છે. ગમે-તે ચિત્ર કે શિલ્પને જોયા પછી તેનું અવલોકન કરવાની દ્રષ્ટિ દાદ માંગી લે તેવી છે. જેમ કે નિબંધકાર 'પાએટા'શિલ્પ જોયા પછી તેઓ કહે છે કે, *"અમે અવાક્ થઈને શિલ્પ જોયા કર્યું. જિસસનો કોમળ વેદનાભર્યો મુખભાવ અને મેરીના વ્યથામિશ્રિત વાત્સલ્ય દર્શાવતા ચહેરાની સાથે વૃદ્ધ કલાકારનો પ્રેમ અને શ્રદ્ધા નીતરતો ચહેરો જાણે કે હમણાં બોલી ઊઠશે એમ લાગતું હતું."* [૨૫] આ પ્રકારના અભિપ્રાયથી નિબંધકારની શિલ્પ અને ચિત્રોનું બારીકાઈથી નિરીક્ષણ કરવાની દ્રષ્ટિનો ખ્યાલ આપણને આવે છે. 'પેશન અને ફેશનની નગરી'માં આરંભમાં જ પેરિસ નગરીની વિશેષતા અને અન્ય શહેરની સંસ્કૃતિ સાથે તુલના કરતાં તેઓ જણાવે છે કે, *"યુરોપના બીજા શહેરો કરતાં પેરિસનું વ્યક્તિત્વ ખરેખર અનોખું છે. લંડનનું જીવન રાત્રે પણ ધીરગંભીર નદીના પ્રવાહ જેવું લાગે; વિયેનાની પીઢ સંસ્કારકેન્દ્ર તરીકેની છાપ છે; ફલોરેન્સ કલા અને સંસ્કૃતિના પુરાણા તીર્થ જેવું છે; વેનિસનું વ્યક્તિત્વ ધન અને યૌવન ખર્ચી બેઠેલી વારાંગના જેવું છે; રોમની કીર્તિ ભવ્ય ભૂતકાળની પરાવર્તિત તેજરેખાઓ પર નભે છે; પરંતુ સતત પરીવર્તનશીલ વર્તમાનનો ઘૂઘવતો સાગર જોવો હોય તો પેરિસને જુઓ. ઇન્દ્રપુરી, અપ્સરાનગર, ગંધર્વનગરી એ ઉપમાઓ પેરિસને માટે ફિક્કી લાગે. જીવનવેગનો આટલો પ્રબળ આવિષ્કાર બીજે ક્યાંય ભાગ્યે જ જોવા મળશે. પ્રેમ અને કામનું આકર્ષણ, વસ્ત્રો અને રાચરચીલની અવનવી ફેશન, સર્જન ચિંતન અને વર્તનના અવનવા પ્રયોગો, સૌંદર્ય અને કલાની આસક્તિ, વતનપરસ્તી અને જાનફેસાની, સમાજ રાજકારણ અને અર્થવ્યવસ્થા: બધામાં ક્રાંતિનો બુલંદ નાદ જગવનાર પરિબળોનું ઉદ્દભવસ્થાન આ શહેર છે. પેશન ને ફેશન કેવા નરવા ને વરવા રૂપ લે છે તે જોવું હોય તો*

*રોશનીની ગરમ ગરમ પ્રકાશમાં તરતી પેરિસનગરીનું નિરીક્ષણ કરો."* [૨૬] નિબંધકાર ધીરુભાઈ ઠાકરના આ પ્રકારના વર્ણનો આ પ્રવાસનિબંધોમાં ઠેરઠેર જોવા મળે છે. વળી આ પ્રવાસનિબંધમાં ધીરુભાઈને થયેલા સારા અને નરસા એમ બંને પાસાંઓનું નિરૂપણ અહીં જોવા મળે છે. રસ્તા પરનો કચરો, ભિખારીઓ, અવ્યવસ્થિત વાહનવ્યવહાર, ન્યુયોર્કના રસ્તાઓની કફોડી હાલત, પેરિસમાંનું નગ્ન નૃત્ય, ઈટાલીમાં થતી વ્યાપારની ગેરરીતિઓ, જિન્સી તત્ત્વોની દુર્ગંધ વગેરેનું વાસ્તવિક નિરૂપણ આપણને જોવા મળે છે. નિબંધકારને યુરોપ પ્રવાસમાં કોસમોસ કંપનીનો ગઠિયો મળી ગયો હતો. જે અવિવેકી, મનનો મેલો, ધૂર્ત, પૈસાખાઉ, જુઠ્ઠો અને ગ્રાહકોને બિનજરૂરી ખર્ચમાં નાખીને હેરાન કરતો હતો. તેનું પણ નિબંધકારે વ્યક્તિત્વ છતું કરી આપ્યું છે.

આ નિબંધસંગ્રહનો અંતિમ નિબંધ 'અજબ દુનિયાની વાડીમાં'માં નિબંધકારને પોતાના વતનની તીવ્ર યાદ અપાવે છે અને વતનમાં પરત ફરે છે તેનું આલેખન જોવા મળે છે. *"દુનિયાના દેશોની લીલી કુંજોમાં ફર્યા પછી પણ આ મુકાબલે સુક્કી અને ધૂળિયા જમીનમાં એવું શું છે કે મને એનું આટલું ઘેલું લાગ્યું છે ! આ ભૂમિ સાથે તારે લોહીનો સંબંધ છે."* [૨૭] અંતમાં નિબંધકાર પરદેશમાંથી પાછા ફરે છે ત્યારે દુનિયાભરમાં ફરીને આવનારને ગુજરાતના જેટલું સસ્તું ભોજન ને સસ્તો પ્રવાસ બીજે ક્યાં મળવાનો તેનો અહેસાસ તેમને થાય છે. આમ આ પ્રવાસ પુસ્તકમાં લેખકના વ્યક્તિત્વની એક આગવી છાપ ઉપસી આવતી આપણે જોઈએ છીએ.

## વિશ્વમાધુરી

નિબંધકાર ધીરુભાઈ ઠાકરકૃત 'વિશ્વમાધુરી'(૨૦૦૭)માં પ્રકાશિત થયેલો સાતમો નિબંધસંગ્રહ છે. જેમાં મોટા-ભાગના લખાણો છેલ્લા દસકા દરમિયાન વિવિધ સંસ્થાઓને ઉપક્રમે વિવિધ નિમિત્તે આપેલા વાર્તાલાપો કે વ્યાખ્યાનો છે. આ નિબંધસંગ્રહમાં ખાસ તો વિશ્વકોશ અંગેના લખાણોનો સમાવેશ થાય છે. જે વિશ્વકોશપ્રવૃત્તિની ગતિવિધિને આલેખી આપે છે. અહીં આરંભના નવ નિબંધો આકાશવાણી પરથી અપાયેલા

વ્યાખ્યાનો છે. જેથી ભાવકોને વાંચન-શ્રવણનો બેવડો આનંદ પ્રાપ્ત થાય તેવા નીવડ્યા છે. ઉપરાંત કેટલાક લઘુલેખોનો પણ સમાવેશ અહીં મળી રહે છે.

સંગ્રહના પ્રથમ નિબંધ 'મૂળ રે વિનાનું કાયા ઝાડવું'માં પૌરાણિક પાત્ર ગોપીચંદની વાર્તાનો મર્મ ગૂંથીને મનુષ્ય જીવનમાં આત્માની મહાનતા અને શરીરની ક્ષણિકતા બતાવી આપી છે. ભક્તિ વગરના જ્ઞાનની વ્યર્થતા અનેકવિધ સંતોની પંક્તિઓ ટાંકીને 'અનુભવીને આનંદમાં રહેવું રે' નિબંધમાં જોવા મળે છે. સંત અને સંન્યાસી વચ્ચેનો તફાવત, સંતોનું તત્ત્વજ્ઞાન વિશેની વિષદ ચર્ચા 'મહામણિને મેલ ન ચડે રે'માં આલેખાયેલું છે. 'ભોમિયા વિના મારે ભમવા'તા ડુંગરા'માં નિબંધકારે પ્રકૃતિ સાથે તાદાત્મ્ય સાધતા માનવીની ખુમારી અને માનવતાના મહિમાને પ્રગટ કરી આપ્યો છે. 'ચાંદો-સૂરજ લડી પડ્યા'જેવા બાળજોડકણાનો ઉપયોગ કરીને મનુષ્ય જીવનની ઉત્ક્રાંતિની વાત 'આદાન-પ્રદાન'નિબંધમાં નિબંધકારે સહજતાથી નિરૂપણ કરી આપી છે. આકાશવાળીના મૂલ્યવાન પ્રદાનને 'બહુજનહિતાય બહુજનસુખાય'માં બિરદાવી છે. 'શ્રેય અને પ્રેય'નિબંધમાં તેઓ જણાવે છે કે, *"પ્રેય આરંભે સુખદાયક પણ અંતે અહિતકારી નીવડે. શ્રેય આરંભે કષ્ટદાયક અને અંતે હિતકારી નીવડે. પ્રેયનો રસ્તો મૃગજળનો અને શ્રેયનો માનસરોવરનો છે એમ જાણવા છતાં આપણે સૌ સુખની શોધમાં દોડીએ છીએ."* [૨૮] અહીં આપણે જોઈ શકીએ છીએ કે નિબંધકારે કેવી રસિક શૈલીમાં શ્રેય અને પ્રેય વચ્ચેના સંબંધને સ્પષ્ટ કરી આપ્યો છે. ભારતીય સમાજવ્યવસ્થામાં વૃદ્ધોની દયનીય સ્થિતિની વાત 'જરાવ્યાધિ'માં ઝીલાયેલી જોવા મળે છે. અહીં આલેખાયેલા લઘુલેખોમાં જોઈ શકાય છે કે નિબંધકારે જીવનના બહું મોટા પાઠનો મર્મ ગૂંથી આપ્યો છે. આ મર્મને સ્પષ્ટ કરવા માટે તેમણે અનેક સંત-મહાત્માઓ અને સર્જકોની પંક્તિઓ, મંતવ્યોનો ઉલ્લેખ કરીને વાચકો સમક્ષ મૂકી આપી છે. 'જીવ કરતાં જીવણ વહાલા રે'માં કૃષ્ણ વિના ગોપીઓની વિરહવ્યથા રોચક શૈલીમાં નિબંધકારે આલેખી આપી છે.

'કળ દાબે સૂત્રધાર'માં નિબંધકારે પોતાની અને 'વિશ્વકોશ'ની પ્રવૃત્તિને આલેખી આપે છે. 'વિશ્વકોશ'ના ભગીરથ કાર્યમાં મદદરૂપ થનાર વિદ્વાન, સંસ્થાઓ અને વ્યક્તિઓનો ઋણ સ્વીકાર કર્યો છે.

અંતમાં અખાની પંક્તિ 'હું તો દારૂકની પૂતળી, ચાળા કરે અપાર, પણ કાષ્ઠ માંહે કાંઈ નથી, કળ દાબે સૂત્રધાર'નો ઉલ્લેખ કરીને નિબંધકારે પોતાની નમ્રતા દર્શાવી આપી છે. વિશ્વકોશના મુખ્ય સંપાદક તરીકેનો પરિચય કરાવતો નિબંધ 'બહુરત્ના વસુંધરાઃ એક અનોખો કોશ'નિબંધમાં મળી રહે છે. વળી 'જગન્નાથનો રથ', 'ગુજરાતી વિશ્વકોશઃ શાંત ક્રાંતિનું સમર્થ વાહન', 'ગુજરાતી વિશ્વકોશ મુંબઈમાં'અને 'કોલકત્તામાં ગુજરાતી વિશ્વકોશ' જેવા નિબંધો ગુજરાતી વિશ્વકોશપ્રવૃત્તિના સમગ્ર પ્રકલ્પને સાંકળી આપતા બન્યા છે. જે મોટાભાગે વિશ્વકોશ ખંડના વિમોચન પ્રસંગે અપાયેલા વ્યાખ્યાનો છે.

'હું ગુર્જર બ્રિટનવાસી'અને 'આપણે સૌ સક્ષમ શબ્દોની શોધમાં છીએ'એ ગુજરાતી સાહિત્ય અકાદમીના ઉપક્રમે અપાયેલા વ્યાખ્યાનો છે. જેમાં ગુજરાત, ગુજરાતી ભાષા અને ડાયસ્પોરા સાહિત્યનો મહિમા ગવાયો છે. એક શિક્ષક તરીકે નિરંજન ત્રિવેદીની વાત 'ગુરુ શિષ્યમાં જીવે છે'માં જોવા મળે છે. પ્રેમ, કરુણા, મુદિતા, ક્ષમા, અભિજાત્ય, ઉદારતા અને સમર્પણભાવ જેવા ગુણોને ધીરુભાઈએ ઉપસાવી આપ્યા છે. ગાંધીજી, અબ્દુલ કલામ અને તેમના ગુરુ વિક્રમ સારાભાઈ જેવા વ્યક્તિલક્ષી નિબંધોમાં તેમના ઉજળા પાસાંને ઉજાગર કરી આપ્યા છે. નિબંધકારનો વ્યક્તિલક્ષી નિબંધોમાં ધ્યાન ખેંચે તેવો નિબંધ હોય તો તે 'ભદ્રશીલ સંસ્કારસેવક' છે. તેઓ કહે છે કે, *"હું ઓછું આપીને મારા શિષ્યો પાસેથી વધુ પામ્યો છું. મારા કરતાં વિશેષ સિદ્ધિપ્રસિદ્ધિ પામેલા શિષ્યોને જોઈને મને એક પ્રકારનો સાત્વિક આનંદ થાય છે."* [૨૮] એવું કહીને કુમારપાળ દેસાઈના બહુશ્રુત વ્યક્તિત્વ પર પ્રકાશ પાડી કર્તવ્યનિષ્ઠા, પારદર્શક વ્યવહાર અને સમભાવીશીલ વર્તનને ઉજાગર કરી આપ્યું છે. 'શતાયુ સાહિત્ય પરિષદને શુભેચ્છાઓ'અને 'વિદાયવચનોઃ ઋણસ્વીકાર' એ બે લઘુલેખો ગુજરાતી સાહિત્ય પરિષદના કાર્યોની માહિતી આપે છે.

કે.કા.શાસ્ત્રીનું મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં પ્રદાન, ચી.ના.પટેલની ગાંધીવિચારણા, હિનાબહેન પાઠકનું ગુજરાતી રંગભૂમિ ક્ષેત્રમાં અર્પણ વગેરેનું નિરૂપણ પણ અહીં જોવા મળે છે. સાથે હીરાલાલભાઈ, સી.ડી.દેશપાંડે, ગુલાબદાસ બ્રોકર, શ્રી રમણલાલ જોશી જેવા સાહિત્યકારો અને વિશ્વકોશની પ્રવૃત્તિમાં નિરપેક્ષ રીતે જોડાયેલી ચૌદ જેટલી વ્યક્તિઓને સ્મરણાંજલિ નિબંધકારે અર્પી છે.

ચોત્રીસ જેટલા નાના-મોટા નિબંધોથી ગ્રંથસ્થ થયેલો આ નિબંધસંગ્રહમાં ધર્મતત્ત્વ, ગુજરાતી અસ્મિતા, વ્યક્તિચિત્રો, વિશ્વકોશ, સાહિત્ય પરિષદ, શિક્ષણવિષયક, અંગત અનુભવો અને શ્રદ્ધાંજલિઓ એમ અનેકવિધ વિષયવૈવિધ્યને કારણે આ નિબંધો રસ વૈવિધ્યથી સમૃદ્ધ બન્યા છે. જે નિબંધકારની બહુશ્રુત વિદ્વતાનો પરિચય કરાવે છે. વળી સમગ્ર નિબંધોની શૈલી પણ શ્રોતાને રૂચિકર બની રહે તેવી સાદી-સરળ બની છે. વાતચીતની શૈલીમાં નિબંધકારે પોતાની વાત પ્રસ્તુત કરી આપી છે.

## પ્રસંગમાધુરી

નિબંધકાર ધીરુભાઈ ઠાકરનો છેલ્લો નિબંધસંગ્રહ 'પ્રસંગમાધુરી'(૨૦૧૨)માં પ્રકાશિત થયો હતો. આ સંગ્રહમાં સાહિત્ય, શિક્ષણ અને કલાવિષયક લેખો ઉપરાંત વાર્તાલાપો અને વ્યક્તિચિત્રો મળીને ચોત્રીસ જેટલા લેખોનો સમાવેશ કર્યો છે. અહીં વિશ્વકોશના છેલ્લા ગ્રંથોના વિમોચન-પ્રસંગે આપેલા વક્તવ્ય, શતાબ્દી નિમિત્તે યાદ કરેલા સારસ્વતો અને થોડોક સાહિત્યતત્ત્વવિચાર તેમજ ત્રણેક અંગત અનુભવોના લેખો પણ અહીં સમાવેશ પામ્યા છે.

આ સંગ્રહનો પ્રથમ લેખ 'સાહિત્યસર્જન એ સાધના છે' નિબંધમાં નિબંધકારે સાહિત્યને ચમત્કારની દુનિયા ગણાવી છે. વિવેક, વૈરાગ્ય, શમાદિષટ્સંપતિ અને મુમુક્ષુતા એ ચારેય ગુણોને સાહિત્યસર્જનની સાધનામાં તેઓ પ્રત્યક્ષ કે પરોક્ષરૂપે અનિવાર્ય માને છે. અહીં નિબંધકારે સાહિત્યસર્જનમાં આ ચારેય સાધનોની ઉપયોગિતા દર્શાવી આપી છે. અમિતાભ મડિયાના ચિત્રોની વાત 'મડિયાનું ચિત્રપ્રદર્શન'માં જોવા મળે છે. આ ચિત્રો એક્સપ્રેશનિઝમ-અભિવ્યક્તિવાદને અનુસરતા તેમને જણાય આવ્યા છે. મડિયાના ચિત્રોના વિષયો આસપાસના સમાજમાંથી અને પ્રકૃતિમાંથી લીધેલા છે તે હજુ વધુ આકર્ષક સ્વરૂપે પ્રગટ થતા રહેશે. એવું જણાવી મડિયાની ચિત્રકલાને અભિનંદન આપતો આ લેખ ઉત્તમ બન્યો છે. નારાયણ દેસાઈકૃત ગાંધીકથાને 'ગાંધીકથા: લોકજાગૃતિ અને આત્મશુદ્ધિનો અદ્દભુત પ્રયોગ' રૂપે બિરદાવ્યો છે. તેઓ નોંધે છે કે, *"ગાંધીકથા એટલે ગાંધીજીના સમગ્ર જીવનની કથા. સહસ્રરશ્મિ સૂર્યના તેજબિંબમાંથી ફૂટતા*

*કિરણો જેમ એકસાથે સર્વ દિશાઓને અજવાળે છે તેમ ગાંધીજીના સચ્ચારિત્ર્યમાંથી ફૂટેલી તેજસરવાણીઓએ અર્વાચીન ભારતના રાષ્ટ્રદેહના ધર્મ, અર્થ, સમાજ, રાજકારણ, સાહિત્ય અને સંસ્કૃતિ એમ સર્વ અંગોને પ્રકાશિત કીધેલા છે. તેમનું જીવન અનેકવિધ સંઘર્ષો, સમાધાનો અને પરાક્રમોથી ભરપૂર છે."* [30] આ પ્રકારનું અવતરણ ટાંકીને ગાંધીકથાની વિશેષતા છે કે અનેક ભૂલો અને મર્યાદાઓથી ભરેલા માણસની વિકાસની કથા ગણાવી છે. આગળ તેઓ જણાવે છે કે, *"ગાંધી વિષયમાં તેમના જેટલી અધિકૃતતા ને પ્રમાણભૂતતા ધરાવતી હકીકત ભાગ્યે જ બીજા કોઈ સ્રોતમાંથી પ્રાપ્ત થાય. ગાંધીનો સંદેશ છેલ્લામાં છેલ્લી હરોળ સુધી પહોંચાડે તેવું સુગ્રાહ્ય સાધન આ કથા છે એવું શ્રી નારાયણભાઈએ પ્રત્યક્ષ દાખલાથી બતાવી આપ્યું છે."* [31] એવું કહી નારાયણ દેસાઈને ગાંધીકથાને લોકજાગૃતિ અને આત્મશુદ્ધિના અદ્દભુત સાધનનો ઉત્તમ ઉપયોગ કરી બતાવવા બદલ અભિનંદન પાઠવતો આ લેખ દીર્ઘ બન્યો છે. સ્વમાનશીલ પ્રજાનું સ્વત્વ પ્રગટ કરી આપતો નિબંધ 'સ્વભાષાને સાચવીએ' બન્યો છે.

આ સંગ્રહમાં 'ભાષા રક્ષતિ રક્ષિતા', 'મા ભેઃ', 'વિશ્વકોશના ચોવીસમાં ગ્રંથના વિમોચન પ્રસંગે' અને 'નાનકડી બારીમાંથી વિરાટ વિશ્વદર્શન' જેવા નિબંધો વિશ્વકોશપ્રવૃત્તિની વિકાસગાથા આલેખતા બન્યા છે. 'પાબ્લો નેરૂદાઃ સક્રિય સ્ફૂર્તિમંત સ્મૃતિચેતના' અને 'ગાંધીજી અને પાંચ સાક્ષરોઃ ભૂમિકા' એ ધીરુભાઈકૃત પુસ્તકના પ્રવેશક છે. જયંતિ દલાલ અને કૃષ્ણલાલ શ્રીધરાણીના શતાબ્દીસ્મરણ પ્રસંગે અપાયેલા વ્યાખ્યાનો છે. 'સ્મૃતિશેષ જતીનભાઈ', 'ડૉ.પી.સી. વૈધઃ ફાઈવ ઈન વન' અને 'ડૉ.ચિમનલાલ ત્રિવેદી' જેવાના વ્યક્તિચિત્રો આલેખાયેલા જોવા મળે છે. 'વિદ્વાન ત્રિપુટીના સન્માન પ્રસંગે' એ ગુજરાત વિદ્યાસભાને ઉપક્રમે યોજેલ ડૉ.બાલકૃષ્ણ દોશી, પ્રો.ભોળાભાઈ પટેલ અને કુમારપાળ દેસાઈના સન્માન સમારંભના અધ્યક્ષસ્થાનેથી અપાયેલ વ્યાખ્યાન છે. ધીરુભાઈ ઠાકરના જીવનઘડતરમાં મદદરૂપ બનનાર વ્યક્તિઓ વિશેની ચર્ચા 'બિંદુમાંથી સિંધુ તરફ', 'બચપણ ક્યાં ખોવાયું મારું', 'મારી બાની ઈચ્છા' અને 'મારા વત્સલ વિદ્યાગુરુ ડૉ.કાન્તિલાલ વ્યાસ' જેવા લેખોમાં જોવા મળે છે. 'પ્રેમસ્મરણ'માં મોડાસા કૉલેજ કેમ્પસના સંસ્મરણોને તાજા કર્યા છે.

'લોકસંસ્કૃતિના મરમી જોરાવરસિંહ' માં જોરાવરસિંહ જાદવે લોકસાહિત્યના સંશોધક-સંપાદન ક્ષેત્રમાં કરેલા પ્રદાનને મૂલવી આપ્યું છે. ધીરુભાઈ જણાવે છે કે, *"લોકસંસ્કૃતિમાં પશુઓ વિશેની જોરાવરસિંહના સંશોધન-વિવેચનમૂલક 'ભારતના શસ્ત્રાસ્ત્રો'માંની માહિતી પણ દ્યોતક છે. 'કનક ચાવડો'માંની લોકવાર્તાઓની રજૂઆત આકર્ષક છે. કળા, નેકી, વફાદારી, પ્રમાણિકતા આદિ સદંશોને આત્મબલિદાન દ્વારા પ્રગટ બતાવનાર કીર્તિગાથાઓ રજૂ કરીને જોરાવરસિંહજીએ લોકસાહિત્ય અને લોકસંસ્કૃતિમાં રહેલ મૂલ્યોનું દર્શન કરાવ્યું છે."* [૩૨] એવું મંતવ્ય આપી મેઘાણી પછી આટલું સમૃદ્ધ અને સર્વસામાન્ય રસ ઉત્તેજતું અને સંસ્કૃતિની પીઠિકા ઉપર લોકસાહિત્યનું સંશોધન જોરુભાના પુરુષાર્થનો સાચો ખ્યાલ આપણને આ લેખ થકી મળી આવે છે. 'સૌ.સુમતિબહેનની ગ્રંથાવલિના વિમોચન પ્રસંગે', 'શ્રી રમણ મહર્ષિના પુસ્તકો' અને 'એ ચિરાગ સદાય જલતો રહે' એ ત્રણેય લેખ અનુક્રમે સુમતિબહેન, રમણ મહર્ષિ અને મહેન્દ્ર અમીનના પુસ્તકોના લોકાપર્ણ પ્રસંગે અપાયેલા વ્યક્તવ્યો બન્યા છે. 'નવલકથામાં મૂલ્યબોધ'માં નવલકથાના ઘટકતત્ત્વોને ઉત્તમ ઉદાહરણો દ્વારા સ્વરૂપની મૂલવણી કરી આપી છે. તેમાં આવતી વસ્તુસામગ્રીની અનિવાર્યતા પર ભાર મૂક્યો છે. ધર્મપુરાણની કથા, ધર્મ અને નીતિનો ઉપદેશ આપવાની પરંપરાથી માંડીને આજની નવલકથાની વિભાવના દર્શાવી આપી છે. માનવસંસ્કૃતિના ઉદ્‌ભવ અને વિકાસની સાક્ષી પૂરતી 'અરવલ્લી' નવલકથાની ચર્ચા 'અનોખી આવકારપાત્ર નવલકથા'માં કરી છે. આ નવલકથાને મૂલવતાં નવલકથાકારની વન્યસૃષ્ટિ તથા અરવલ્લીની આસપાસના પ્રદેશની પશુ-પક્ષી, જીવ-જંતુ, ઔષધ, ફળફૂલ અને વૃક્ષવેલી વિશેની માહિતી માન ઉપજાવે તેવી ગણાવી છે. 'કિસાન-આંદોલનની ઘાટીલી નવલકથા'માં શ્રી પ્રાગજીભાઈ ભાંભીની 'ઘેરાવ' નવલકથાને સુંદર કલાત્મક રચનાવાળી ગ્રામકથાનું અવલોકન કરી આપ્યું છે.

સમગ્ર પુસ્તકમાં વાચકોને આનંદ આપે તેવા રસપ્રદ લેખો પ્રાપ્ત થાય છે. અહીં વાર્તાલાપો, લેખો, પુરોવચનોનો સંગ્રહ, સાહિત્યતત્ત્વ અને અંગત અનુભવો વિશેની વાત ભાવકોને રસ પડે તેવી શૈલીમાં નિરૂપણ થયેલું જોવા મળે છે. નિબંધકારે ક્યાંક ભાષા અને સાહિત્યનો સમ ન ચુકાય તેનીય કાળજી રાખવાનો પ્રયત્ન કર્યો છે.

'માધુરી' શ્રેણી અંતર્ગત પ્રગટ થયેલા આ નિબંધોને મૂલવતાં પ્રસાદ બ્રહ્મભટ્ટ જણાવે છે કે, *"જીવનમાધુરી નિબંધોનું સ્વરૂપ ભિન્ન ભિન્ન પ્રકારનું છે. આ દેખીતી વિવિધતામાં અનુસ્યૂત એકતા આણનારું તત્ત્વ છે 'માધુરી'. આ માધુરી જીવન પ્રત્યેનો વિધેયાત્મક, મૂલ્યલક્ષી, મંગલમય અભિગમ છે. વિવિધ વિષયો પરના વિવિધ શૈલીમાં, વિવિધ રીતિમાં લખાયેલાં લખાણોને પરસ્પર સાંકળનાર તંતુ આ 'માધુરી' છે. આ માધુરી જીવનમાંથી જડી છે, સાંપડી છે તેથી જ લેખકે આ શ્રેણીને 'જીવનમાધુરી શ્રેણી' એવું નામ આપ્યું છે. આ શ્રેણીમાંથી ડૉ.ધીરુભાઈનું જે ચિત્ર ઊપસે છે તે મૂલ્યનિષ્ઠ, સમભાવશીલ, આદર્શપ્રિય, સમાજ અને રાષ્ટ્ર માટે કશુંક નક્કર કરવાની ભાવનાવાળા, ચિંતનશીલ, મરમી શબ્દસ્વામીનું પ્રેરક ચિત્ર છે. ધીરુભાઈ સફળ નિબંધલેખક પણ છે. એનો અહેસાસ 'રંગકસુંબી', 'દ્રષ્ટા અને સ્રષ્ટા' તથા 'અંગત બિનંગત' સાથે આ 'જીવનમાધુરી' શ્રેણી કરાવી રહે છે. ધીરુભાઈએ ગુજરાતી સાહિત્યમાં જે મૂલ્યવાન પ્રદાન કર્યું છે તેમાં આ 'જીવનમાધુરી' શ્રેણીનું પણ આગવું ઉલ્લેખનીય મહત્ત્વ છે."* [33] પ્રસાદ બ્રહ્મભટ્ટનું આ પ્રકારનું મંતવ્ય આપણને યથાર્થ લાગે છે.

# સંદર્ભસૂચિ


૧ મણિલાલ નભુભાઈ: જીવનરંગ ધીરુભાઈ ઠાકર, પ્ર.આ. ૧૯૫૭, પૃ-૭

૨ એજન, પૃ-૧૫૫

3 ધીરુભાઈ ઠાકર: વ્યક્તિત્વ અને વાઙ્મય, મીના સોલંકી, પ્ર.આ. ૨૦૧૭, પૃ-૧૩૪

૪ પરંપરા અને પ્રગતિ: ધીરુભાઈ ઠાકર, પ્ર. આ. ૧૯૮૦, પૃ-૩૫

૫ એજન, પૃ-૪૨

૬ એજન, પૃ-૫૧

૭ એજન, પૃ-૭૩

૮ એજન, પૃ-૯૧

૯ એજન, પૃ-૧૫૯

૧૦ એજન, પૃ-૧૮૫

૧૧ સવ્યસાચી સારસ્વત: ભોળાભાઈ પટેલ અને અન્ય, પ્ર.આ. ૨૦૦૭, પૃ-૨૬૪

૧૨ પાંચદાયકાનું પરિદર્શન: હર્ષદ ત્રિવેદી, પ્ર.આ. ૨૦૧૧, પૃ-૯૯

૧૩ મણિલાલ દ્વિવેદી: ધીરુભાઈ ઠાકર, પ્ર.આ. ૨૦03, પૃ-૭૭

૧૪ સ્મરણમાધુરી: ધીરુભાઈ ઠાકર, પ્ર.આ. ૨૦૦૮, પૃ-૧૭

૧૫ એજન, પૃ-૭૩

૧૬ સવ્યસાચી સારસ્વતઃ ભોળાભાઈ પટેલ અને અન્ય, પ્ર.આ. ૨૦૦૭, પૃ-૨૯૦

૧૭ એજન, પૃ-૨૯૦

૧૮ સવ્યસાચી સારસ્વતઃ ભોળાભાઈ પટેલ અને અન્ય, પ્ર.આ. ૨૦૦૭, પૃ-૨૬૬

૧૯ એજન, પૃ-૨૬૬

૨૦ અંગત બિનંગતઃ ધીરુભાઈ ઠાકર, પ્ર.આ. ૧૯૯૮, પૃ-૧૧

૨૧ એજન, પૃ-૩૯

૨૨ એજન, પૃ-૪૩

૨૩ રસભીનો સંબંધઃ નલિની દેસાઈ, પરબ, અંક-૧૧, ૧૯૯૯, પૃ-૬૬

૨૪ સફરમાધુરીઃ ધીરુભાઈ ઠાકર, પ્ર.આ. ૧૯૭૭, પૃ-૬૯

૨૫ એજન, પૃ-૨૫૯

૨૬ એજન, પૃ-૨૮૧

૨૭ એજન, પૃ-૨૯૯

૨૮ વિશ્વમાધુરીઃ ધીરુભાઈ ઠાકર પ્ર.આ. ૨૦૦૭, પૃ-૧૭

૨૯ એજન, પૃ-૮૦

30 પ્રસંગમાધુરી: ધીરુભાઈ ઠાકર, પ્ર.આ. ૨૦૧૨, પૃ-૨૯

3૧ એજન, પૃ-3૪

3૨ એજન, પૃ-૧૧૨

33 સવ્યસાચી સારસ્વત: ભોળાભાઈ પટેલ અને અન્ય, પ્ર.આ. ૨૦૦૭, પૃ-૨૬૮